સુવિચાર

આપણી પાસે સારા વિચારો કરી શકે તેવું મગજ તો છે પણ એ શુભવિચારોને અમલી બનાવે તેવું મનોબળ નથી.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૩/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૦૭૬



એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
COMING SOON
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...


## મીડિયામાં આવતી ''નલ સે જલ'' યોજના કયાં કાર્યરત છે તે ખબર નથી

# ખાંભાનાં ગીદરડીમાં ઉનાળાનાં પ્રારંભે જ પાણીનો પોકાર

**ઘણા વર્ષોથી ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા છતાં શાસકો દ્વારા કોઈ નિરાકરણ કરવામાં આવતું નથી**

**ચૂંટણીનાં દિવસોમાં મત માંગવા આવતાં નેતાઓ હથેળીમાં વિકાસનો ચાંદ બતાવી જાય છે**

**વન્ય વિસ્તાર હોવાથી વન્ય પ્રાણીઓથી બચીને દૂર દૂર પાણી ભરવા જવું પડે છે**

**પાણીની સમસ્યા દૂર ન થાય તો ગામજનોએ ચૂંટણીનાં બહિષ્કારની ચીમકી ઉચ્ચારી**






તસ્વીર : ભાવિક કલસરીયા–ખાંભા

ખાંભા, તા. ૧૧

ખાંભા ગીરનું ગીદરડી ગામ વર્ષોથી છે પાણીની સમસ્યા. ઉનાળાની શરૂઆત થતાંની સાથે જ આ ગામમાં પાણીની સમસ્યા ઉદભવે છે. ઘર આંગણે ગંગા નીકળી છે પણ પાણી નથી તેવો ઘાટ ઘડાયો છે. નવ વર્ષ પહેલા આ ગામમાં નર્મદાની પાઈપ લાઈન નાખી દીધી છે પરંતુ ગામને નર્મદાના પાણી આજ દિવસ સુધી મળ્યા નથી. ગ્રામ પંચાયતનો એકમાત્ર કૂવો છે તેમાં પણ પાણી નહિવત છે. ગ્રામ પંચાયતના કૂવામાંથી અન્ય સંપમાં પાણી એકત્રિત કરીને ગામના મુખ્ય અવેડામાં પાણી છોડવામાં આવે છે. ત્યાં નાનાથી માંડીને વૃદ્ધો પાણી ભરવા આવે છે. પશુઓ પણ આ જ અવેડાએ પાણી પીવા આવે છે. ત્યારે ગામ લોકો પાણી માટે ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ત્યારે આવનારી ૨૦૨૪ ની

અનુસંધાન પાના ૬ ઉપર

## બાબરા : સ્ટેટ બેન્કનું ATM બંધ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા એસબીઆઈ એટીએમ સેન્ટર બંધ રહેતા લોકોમાં એસબીઆઈ બેન્ક પ્રત્યે રોષ જોવા મળ્યો હતો. સવારથી લોકો એટીએમ સેન્ટરના ધકકા ખાતા જોવા મળી રહ્યા હતા. એટીએમ બંધ છે તો કેમ બંધ છે તેની કોઈ સૂચના કે નોટિસ બોર્ડ પણ એસબીઆઈ બેન્ક દ્વારા મૂકવા આવતું નથી . ત્યારે પોલીસ સ્ટેશનની સામે આવેલ આ એટીએમ સેન્ટર અવારનવાર બંધ રહે છે. ત્યારે બેન્ક મેનેજર દ્વારા યોગ્ય કરવામાં આવે તેવી લાગણી લોકો દ્વારા વ્યકત કરવામાં આવી હતી.

### આરોપીની બાઈક સાથે અટકાયત

## ચાવંડ ખાતે થયેલ બાઈક ચોરીનો ભેદ સ્થાનિક સર્વેલન્સ ટીમે ઉકેલ્યો

**સીસીટીવી કેમેરાની મદદથી ભેદ ખુલ્યો**



અમરેલી, તા. ૧૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમોને પકડી તેઓના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ શરીર સબંધી તથા મીલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે સઘન પેટ્રોલીંગ કરવા તેમજ આરોપીઓ શોધી કાઢવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને નાયબ પોલીસ અધીક્ષક જે.પી. ભંડારીએ આ બાબતે જરૂરી માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૩૭૯ મુજબનો ગુન્હો ગત તા. ૯ના રજી. થયેલ હોય. જે અનવ્યે લાઠીના પોલીસ સબ. ઈન્સ. એચ.જે. બરવાડીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગાવેલ સી.સી.ટી.વી. કેમેરાઓની મદદથી ગણતરીના કલાકોમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા રમેશ ઉર્ફે બુધો માધાભાઈ જાદવ (રહે. જુના રામપર તા. વલ્લભીપુર) વાળા આરોપીને ચોરીમાં ગયેલ મોટર સાયકલ સાથે પકડી પાડી અનડીટેકટ ચોરીના ગુનાનો ભેદ લાઠી પોલીસે ઉકેલી નાખ્યો હતો.

### મોબાઈલ ફોન હેક થયાની અરજી વચ્ચે

## એમએલએ મહેશ કસવાલા અને બુથ સા.કુંડલા ગૃપમાં બિભત્સ ફોટા મુકાયા

**ગૃપમાં ભાજપનાં ટોચનાં નેતાઓ જોઈન્ટ છે**

અમરેલી, તા. ૧૧

સાવરકુંડલાના ધારાસભ્ય અને બુથ સાવરકુંડલા ગૃપનાં વોટસઅપ માંથી કોઈ શખ્સે બિભત્સ ફોટા ચડાવીને વાયરલ કરતાં ચકચાર મચી છે.

સાવરકુંડલા એમએલએ અને બુથ સાવરકુંડલા નામના વોટસ ગૃપનાં એક ભાજપી કાર્યકરનો ફોન હેક કરીને બિભત્સ ફોટા વાયરલ થયાનું ધારાસભ્યનાં મદદનીશે જણાવ્યું હતું.

સાવરકુંડલા એમએલએ અને બુથ સાવરકુંડલા નામના વોટસમાં ભાજપનાં મહત્વના અનેક આગેવાનો સામેલ હોય અને બિભત્સ ફોટો વાયરલ થતાં મહત્વનાં આગેવાનો પણ આ બાબતથી રોષે ભરાયા છે.









### પત્ની વગર બાળકોનું પાલન કરવાની ચિંતામાં

## લ્યો બોલો : પત્ની તેના પ્રેમી સાથે ચાલી જતાં ૪ બાળકોનાં પિતાએ આત્મહત્યા કરી લીધી

**સાવરકુંડલાનાં નવા ગામ જાંબુડા વિસ્તારની ઘટના**

અમરેલી, તા. ૧૧

સાવરકુંડલા તાલુકાના નવાગામ જાંબુડા હનુમાનપરાના મફતપરામાં રહેતા રાઘવભાઈ ગોવિંદભાઈ મેર નામનાં ૪૮ વર્ષિય પ્રૌઢની પત્નિ જયશ્રીબેન ઉર્ફે જયાબેનને ગુલાબભાઈ સેફાભાઈ સોંલકી નામના ઈસમ સાથે છેલ્લા દોઢ વર્ષથી પ્રેમ સંબધ હોય અને રાઘવભાઈ ગોવિંદભાઈ મેરની પત્ની આ ગુલાબભાઈ સોલંકી સાથે જવા માંગતી હોય અને સંતાનમાં બે દિકરા તથા બે દિકરીઓ હોય જેથી પોતાની પત્ની ગુલાબભાઈની સાથે જતી રહેશે તો પોતાના સંતાનોનુ શુ થશે ? જે બાબતનું પ્રૌઢને લાગી આવતા પોતે પોતાની મેળે પોતાના ઘરની પાસે આવેલ નેરામા આવળના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ જઈ મરણ ગયાનું ખુદ મૃતકના પત્ની જયશ્રીબેન ઉર્ફે જયાબેન રાઘવભાઈ મેરે પોલીસમાં જાહેર કરેલ છે.













## યુવા આઈકોન મુકેશ સંઘાણી હોટ ફેવરીટ, જનકભાઈ બગદાણા સહિતનાં અન્ય નામોની ચર્ચા

# અમરેલી બેઠકનાં ભાજપનાં ઉમેદવારનું નામ આજે જાહેર થવાની સંભાવના

**ગુજરાતની ૨૬ બેઠકોમાંથી અગાઉ ૧૫ નામ જાહેર થયા હોય બાકીનાં ૧૧ નામોની યાદી હવે જાહેર થશે**

**દિલ્હી ખાતે સોમવારે મળનારી કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં મંજૂરીને મ્હોર લાગી શકે**

**ચાલું અઠવાડીયામાં લોકસભાની ચૂંટણી જાહેર થવાની હોય તમામ રાજકીય પક્ષો ઉમેદવાર નકકી કરવા ઊંધા માથે**

**કોંગ્રેસ પક્ષનાં ઉમેદવારનું નામ પણ ગણતરીની કલાકોમાં થશે જાહેર**

અમરેલી, તા. ૧૧

અમરેલી લોકસભા બેઠકનાં ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવાર કોણ હશે તેને લઈને અનેકવિધ અટકળો ચાલી રહી છે. તેવા સમયે હવે જિલ્લાનાં રાજકીય પક્ષોનાં કાર્યકરોની આતુરતાનો અંત ગણતરીની કલાકોમાં જ આવી જશે.

આજે સોમવારે દિલ્હી ખાતે ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની



બેઠક યોજાઈ રહી છે. જેમાં ગુજરાતની બાકી રહેતી ૧૧ સહિત અન્ય રાજયોની મળી કુલ ૧૦૦–૧૫૦ બેઠકોનાં ઉમેદવાર જાહેર થાય તેવી સંભાવનાં જોવા મળી રહી છે.

અમરેલી બેઠક માટે યુવા આઈકોન મુકેશ સંઘાણીની ઉપરાંત જનકભાઈ બગદાણા, હિરેન હિરપરા, બાવકુભાઈ ઉંઘાડ, કૌશિક વેકરિયા, મહેશ કસવાલા સહિતનાં





એકથી દોઢ ડઝન દાવેદારોનાં નામની ચર્ચા છેલ્લા એકાદ મહિનાથી ચાલી રહી છે.

બીજી તરફ કોંગ્રેસ તરફથી પ્રતાપ દુધાત, જેનીબેન ઠુંમર, વિરજીભાઈ ઠુંમરનાં નામની ચર્ચા ચાલી રહી છે. જો કે કોંગ્રેસ પક્ષનાં ઉમેદવારોનાં નામની યાદી પણ ગણતરીની કલાકોમાં જાહેર થવાની સંભાવના જોવા મળી રહી છે.

### ઉચ્ચકક્ષાએથી સુચનાનાં આધારે

## ઉના : મામલતદાર અને પોલીસે શંકાસ્પદ બાયોડીઝલનો જથ્થો ઝડપ્યો

**૧૭૦૦ લીટર રૂપિયા ૧.૧૯ લાખનો મુદ્દામાલ ઝડપાયો**

ઉના, તા. ૧૧

જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ ઝાંડીયા,ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, મદદનીશ પોલીસ અધિક્ષક જીતેન્દ્ર અગ્રવાલ વિભાગ ઉના શહેરનાઓની સુચનાથી તેમજ ઉના મામલતદાર તથા પોલીસ ઈન્સ્પેકટર એમ.એન. રાણા સાથે ગેરકાયદેસર વેપાર કરતા ઈસમોને શોધી તેમના વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સારૂ સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ. ઈન્સ. એચ.એલ. જેબલિયા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમા હતા. તે દરમ્યાન એ.એસ.આઈ. ધમેન્દ્રસિંહ માનસિંહ પરમાર, હે.કો. શિવભદ્રસિંહ ગંભીરસિંહ ગોહીલની સંયુકત ખાનગી અને વિસુ બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, ભાવનગર રોડ પર આવેલ બાયપાસ નજીક રામ ટેર્ડીંગ નામના ગોડાઉનમાં ગેરકાયદેસર બાયોડીઝલનો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

જથ્થો પડેલ હોવાની બાતમી આધારે ગેરકાયદેસર શંકાસ્પદ બાયોડીઝલ ટ્રકમાં પુરતા માણસને પકડી તેની પુછપરછ કરી ગેરકાયદેસર બાયોડીઝલનો આશરે ૧૭૦૦ લીટર જેની કિંમત રૂા. ૧,૧૯,૦૦૦ મત્તાનો મુદામાલ જથ્થો પકડી પાડેલ હતો. જેમાં હાલમાં બે આરોપીની પુછપરછ ચાલુ છે. આ અંગે ની આગળની તપાસ ઉના મામલતદાર ચલાવી રહેલ છે.

## વડિયા : બસ સ્ટેન્ડ ખાતે આધેડ સાધુનું હાર્ટ એટેકથી મોત

વડિયા, તા. ૧૧

વડિયા બસ સ્ટેન્ડ પર રહેતા અને ભિક્ષાવૃત્તિ કરી પોતે બસ સ્ટેન્ડ પર રાત્રે સુઈ રહેતાં છેલ્લા એકાદ અઠવાડિયાથી વડિયા આવેલા અને આજે વહેલી સવારે પોતે વડિયા બસ સ્ટેન્ડ અંદર આવેલ ટોઈલેટમાં પોતે જાજરૂ ટોઈલેટ જતા હતા ત્યારે જ અચાનક હાર્ટ એટેકના કારણે તેનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જયારે લોકોએ ૧૦૮ ને ફોન કર્યો હતો અને વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યારે ફરજ પરના તબીબ ડોકટર પ્રતિક ડોડીયાએ તેને મૃત જાહેર કર્યા હતા. બાદમાં વડિયા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર વડિયા ખાતે તેનું પીએમ ડોકટર પ્રતિક ડોડીયાએ કરી કોઈ વારસદાર ન હોવાથી તેને અમરેલી ખાતે



કોલ્ડ સ્ટોરેજ ખાતે રાખવામાં આવ્યા છે. ત્યારે વડિયા પોલીસે એક જાહેર અપીલ કરી છે કે જો કોઈ આ અજાણ્યા વ્યકિતને ઓળખતા હોય તો તેણે વડિયા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. વડિયા પી એસ આઈ એ.એન. ગાગણાના મોબાઈલ નંબર ૮૧૨૮૭ ૬૪૨૩૭ /૯૯૦૪૪ ૮૧૩૦૭ અથવા વડિયા પોલીસ સ્ટેશન ૦૨૭૯–૭૨૭૩૦૫૬ પર જાણ કરવા વિનંતી કરી છે.

### ધામિર્ક સ્થાનમાંથી ચોરી થતાં ભકતજનોમાં નારાજગી

## જુના ચરખા ગામે કથીવદર જવાનાં માર્ગે આવેલ મંદિરમાંથી મુદ્દામાલની ચોરી

અમરેલી, તા. ૧૧

ધારી તાલુકાના ઈંગોરાળા (ડુંગરી) ગામે રહેતા વિજયભાઈ દેવશંકરભાઈ બોરીસાગરે જુના ચરખા ગામે કથીવદર જવાના રસ્તે આવેલ ખોડીયાર માતાજીના મંદિરના દરવાજાના નકુચો તોડી મંદિરનો દરવાજો ખોલી મંદિરમાં રાખેલ દાનપેટીમાં પડેલ રોકડા રૂપિયા આશરે રૂા. ૫૦૦ તથા ચાંદીના આશરે દસ–દસ ગ્રામના અલગ–અલગ ત્રણ છતરો જે ત્રણેય છતરોની કિંમત રૂપિયા ૨૧૦૦ તથા સોનાનું આશરે ૧૦ ગ્રામનુ એક છતર જેની કિંમત રૂા. ૬૦,૦૦૦ એમ કુલ રૂા. ૬૨,૬૦૦ ની સોના–ચાંદીની વસ્તુઓ તથા રોકડ રકમની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં ધારી તાલુકાના જુના ચરખા ગામે રહેતા ઉમેશભાઈ ભીમભાઈ વાળાએ નોંધાવી છે.

### ચોકલેટની લાલચ આપી બાળકની ઝાડીમાં લઈ જઈ

## ગીર સોમનાથ જિલ્લાના એક ગ્રામ્ય વિસ્તારમાં ૬ વર્ષ બાળકી પર અત્યાચાર

**પોલીસે નરાધમ શખ્સને દબોચી લીધો**

ઉના, તા. ૧૧

ગીર સોમનાથ જિલ્લાના એક ગ્રામ્ય વિસ્તારમાં છ વર્ષની બે નાની બાળાઓ સાથે એક નરાધમ યુવકે ચોકલેટની લાલચ આપી બાવળની ઝાડીમાં લઈ જઈ દુષ્કર્મ કર્યાની ઘૃણાસ્પદ ઘટના સામે આવી છે. ઘટનાના પગલે પોલીસે દુષ્કર્મ આચરનાર નરાધમને ગણતરીના કલાકમાં જ ઝડપી લઈ તેના વિરૂદ્ધ પોકસો અને દુષ્કર્મની જુદી જુદી કલમો અન્યવે ગુન્હો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

શેરીમાં રમી રહેલી બંને માસૂમ સાથે ગામના જ યુવકે કુકર્મ કર્યુ આ ચકચારી ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર,ગીર સોમનાથ જિલ્લાના સમુદ્ર કાંઠાના એક ગામમાં રહેતો દિનેશ અમૃતલાલ ફૂલબારીયા ( ઉં.વ.૩૩, ધંધો. મજૂરીકામ ) એ પોતાના જ ગામમાં રહેતી છ વર્ષની ઉંમરની બે નાની માસૂમ બાળાઓ સાથે દુષ્કર્મ આચર્યુ હતું. ગત તારીખ ૯/૩/૨૪ના રોજ સાંજના ૪ વાગયાની આસપાસ આરોપીના ભાઈની દીકરીઓ અને આ બે નાની માસૂમ બાળાઓઆ શેરીમાં રમી રહી હતી. ત્યારે આરોપીએ બંને માસૂમને ચોકલેટની લાલચ આપી આશરે ૨૦૦ થી ૫૦૦ મીટરના અંતરે બાવળની ઝાડીઓમાં લઈ ગયો હતો.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

જયાં આ નરાધમે બંને બાળાઓને નિર્વસ્ત્ર કરી તેની સાથે દુષ્કર્મ તેમજ હિનકૃત્ય આચર્યુ હતું. જે બાદ આરોપી બંને બાળાઓને ત્યાં જ છોડી ભાગી ગયો હતો.

જે બાદ બંને માસૂમ રડતી રડતી શેરીમાં આવી હતી. બંને માસૂમની હાલત જોઈને આજુબાજુના લોકોને કાંઈક અજુગતું બન્યાની શંકા ગઈ હતી. જેથી બંને દીકરીઓના માતા – પિતાને જાણ કરી હતી. બંને દીકરીઓ પિતરાઈ બહેનો છે. ઘટના બાદ તેઓ ખૂબ હેતબાઈ ગઈ હતી. તેમના ગુપ્તાંગોમાંથી લોહી વહી રહ્યું હતું. માતા પિતાએ આ અંગે તપાસ કરતા તેમની જ બાજુની શેરીમાં રહેતો દિનેશ સાંજે બંને બાળકીઓને ચોકલેટની લાલચ આપી લઈ ગયો હોવાની હકીકત બહાર આવી હતી. જે બાદ પરિવારે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

ત્યાર બાદ બન્ને બાળાઓને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં સદનસીબે બન્ને બાળાઓની સ્થિતિ સારી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાના પગલે પોલીસ પણ તુરંત એકશનમાં આવી હતી અને દુષ્કર્મ આચરનાર નરાધમને ગણતરીના સમયમાં જ ઝડપી લીધો હતો. આરોપી વિરૂદ્ધ આઈપીસી ૩૭૬એબી, ૩૬૩, ૩૫૪, ૩૫૪અ (૧), ૩૫૪બી તથા પોકસો કલમ ૪,૬,૮,૧૦,૧૨ મુજબ ગુન્હો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટનાના પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે.

### પૂર્વ કોંગી ધારાસભ્ય પ્રતાપ દુધાતનો ચોંકાવનારો આક્ષેપ

## અમરેલી જિલ્લાનાં પુરવઠા અધિકારીઓ ભાજપનો પ્રચાર કરવા દોડધામ કરી રહ્યા છે

**પ્રધાનમંત્રીનાં ફોટાવાળી બેગમાં મફત અનાજનો જથ્થો ફાળવી રહ્યા છે**

અમરેલી, તા. ૧૧

હાલમાં રેશનકાર્ડની દુકાનમાં પુરવઠા સાથે વડાપ્રધાનની ફોટાવાળી બેગ આપવાની છે જેથી ટૂંક સમયમાં આચાર સહિતા લાગવાની છે. જેથી હાલમાં નાયબ મામલતદારથી સચિવ કક્ષાના અધિકારી આ બેગ આપવા હાલ રાત–દિવસ રેશનકાર્ડની દુકાનદારો પાસે બળજબરી કરી લક્ષ્યાંક આપી રહ્યા છે અને હાલમાં ઓનલાઈનની જગ્યાએ ઓફ લાઈન પણ પુરવઠો આપી રહ્યા છે. કારણ કે આ અધિકારી મોદીની બેગ વહેંચી રહ્યા છે અને અરજદાર હાલમાં મજૂરી કામે ગયા હોય તેમ છતાં ફોન કરી અત્યારે જ રાશન અને બેગ લઈ જવા દબાણ કરી રહ્યા છે. આ અગાઉ કોંગ્રેસ સરકારમાં પણ મફત અનાજ આપતા ત્યારે કયારેય આ રીતે વડાપ્રધાનનો પ્રચાર કરવામાં આવતો ન હતો પણ હાલના ચૂંટણી જાહેર થવાની છે. જેથી પુરવઠાના અધિકારી વડાપ્રધાનના પ્રચાર માટે ભાજપ કરતા વધુ મહેનત કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે અને આ વસ્તુ કોઈના ઘરના પૈસાની નથી. આ લોકોમાં ટેકસની પૈસાથી ગરીબ માણસોને આપવાની હોય છે જયારે અત્યારે તો એવું લાગી રહ્યું છે કે પોતાના ઘરમાંથી વસ્તુ આપી રહ્યા હોય તેવો પ્રચાર આ અધિકારીઓ કરી રહ્યા છે અને આઝાદી બાદ અત્યાર સુધી મફત અનાજ ગરીબ માણસોને તમામ સરકાર આપી રહ્યા છે પણ આવો પ્રચાર કયારેય કરવામાં આવ્યો નથી. તેવા આરોપ પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે કર્યો છે.

## ધારી : હિમખીમડીપરામાં મુરઘી વેચવા બાબતે મારામારીની ઘટના

અમરેલી, તા. ૧૧

ધારી નજીક આવેલ હિમખીમડીપરા વિસ્તારમાં રહેતા સીકંદરભાઈ શરીફભાઈ ફુલશેઠા નામનાં ૨૬ વર્ષિય ડ્રાઈવર યુવકના ભાઈ મુરઘી વેચવાનો ધંધો કરતા હોય. જેથી ધારી ગામે રહેતા આરોપી મકસુદભાઈ ઈબ્રાહિમભાઈ કટારીયા, કયુમભાઈ ઈબ્રાહિમભાઈ કટારીયા, ઈજામુલભાઈ, ઈજામુલભાઈના ભાઈએ ડ્રાઈવર યુવક તથા તેમના ભાઈને મુરઘી નહી વેચવા કહેલ હોય તેમ છતા ડ્રાઈવર યુવકના ભાઈ મુરઘી વેચતા હોય. જે આરોપીઓને નહી ગમતા ગત તા. ૮ નાં રોજ રાત્રે ૮/૩૦ વાગ્યે ધારી ગામની મેઈન બજારમાં મનસુખભાઈ ભાલાળાની બાજુની દુકાને ડ્રાઈવર યુવકને લાકડી વતી માર તેમજ ઢીકાપાટુનો માર મારી તેમજ ઢસડી તથા જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ફેકચર કરી દીધાની ધારી પોલીસમાં આઈપીસી કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ફરિયાદ નોંધાઈ છે.

## બાબરામાં ધો. ૧૦/૧૨ નાં વિદ્યાર્થીઓને ભાજપ અગ્રણીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

રાજયમાં આજથી ધો ૧૦ અને ૧૨ ની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થયો હતો વિદ્યાર્થીઓ વહેલી સવારથી તાલુકાના સેન્ટર પર આવેલ પરીક્ષા કેન્દ્રપર આવી ગયા હતા. બાબરામાં આવેલ વિવિધ પરીક્ષા કેન્દ્ર પર ધો ૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા કેન્દ્ર પર આવી ગયા હતા અહીં પરીક્ષા કેન્દ્ર પર શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા તેમજ નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર સહિતના સ્થાનિક ભાજપ અગ્રણીઓ દ્વારા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મોં મીઠા કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી. અહી કમળશી હાઈસ્કૂલ, વી. એલ. ગેલાણી તેમજ કે.પી. અશરા ગર્લ્સ શાળા ખાતે ધો ૧૦ અને ૧૨ ની પરીક્ષા લેવા આવી રહી વિદ્યાર્થીઓ સુચાઢ રીતે પરીક્ષા આપી શકે અને પેપર લખી શકે તેવી વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે તેમજ પરીક્ષા કેન્દ્ર બહાર બાબરા પોલીસ દ્વારા પોલીસ જવાનો તેમજ હોમગાર્ડ ના જવાનો કાયદો અને વ્યવસ્થા માટે પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

### ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે

## બાબરા : પાલિકા વિસ્તારમાં રૂપિયા ૨૮ કરોડ ૯૫ લાખના વિકાસ કામોનું લોકાર્પણ કરાશે

**સ્થાનિક ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહેશે**

બાબરા, તા. ૧૧

હાલ સમગ્ર રાજયમાં સેનો સાથ સેનો વિકાસ સેનો વિકાસ સાથે ભાજપ સરકાર દ્વારા વિકાસના કામો પૂરગતિથી ચાલી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં લાઠી બાબરા દામનગર વિધાનસભા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ના વરદ હસ્તે બાબરા નગરપાલિકા વિસ્તારમા કરવામાં આવેલ વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

ધારાસભ્ય બન્યાને ખૂબ જ ટૂંકો સમય થયેલ હોવા છતાં લાઠી બાબરા દામનગર વિસ્તાર માટે અસંખ્ય વિકાસના કામો મંજૂર કરાવવામાં આવ્યા છે ત્યારે બાબરા નગરપાલિકા હેઠળ આવતા વિસ્તાર માટે બ્લોક પેવિગ રોડના કામો, પીવાના પાણી માટેની પાઈપલાઈનના કામો, સ્લેબ કલવર્ટના કામો, બોક્સ કલવર્ટના કામો, કોમ્યુનિટી હોલના કામો, કમ્પાઉન્ડ વોલના કામો, સરદાર સર્કલ રીનોવેશન માટેના કામો, ૬૦૦ મી મી પાઈપ કલવર્ટના કામો વગેરે વિકાસના થયો ધારાસભ્યએક વર્ષના કાર્યકાળ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યા છે. ઉપર મુજબના તમામ વિકાસના કામોનું આગામી દિવસોમાં ધારાસભ્યના વરદ હસ્તે નગરપાલિકા વિસ્તારના નગરપાલિકાના હોદેદારો, ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

### પાલીકા દ્વારા જાહેરાત કરવામાં આવી

## બાબરામાં આગામી ૧૩ થી ૧૫ માર્ચ સુધી પાણી વિતરણ બંધ રહેશે

**"નલ સે જલ" યોજના અંતર્ગત કામગીરી શરૂ**

બાબરા, તા. ૧૧

બાબરામાં આગામી તા ૧૩ થી ૧૫ માર્ચ પાણી વિતરણ બંધ રહે છે.નગરપાલિકા દ્વારા શહેરની જનતા માં માઈક ફેરવી જાહેરાત કરાઈ. નલ છે જળ ના પ્રોજેકટ માં પાઈપલાઈનની કામગીરી અર્થે ત્રણ દિવસ શહેરમાં પાણી વિતરણ બંધ રહે છે પાલિકા પ્રમુખ. બાબરા નગરપાલિકા દ્વારા આજે સાંજે શહેરની જનતા ને જાહેરાત કરતા જણાવ્યું હતું કે આગામી તા ૧૩ થી ૧૫ માર્ચ સુધી શહેર માં પાણી વિતરણ પાલિકા દ્વારા કરવામાં નહિ આવે અહીં સમ્પ હાઉસમાં નલ છે જળ ના પ્રોજેકટ માં પાઈપ લાઈન ની કામગીરી કરવાની હોવાથી પાણી વિતરણ બંધ કરવામાં આવ્યું છે. આ બાબતે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા જણાવ્યું કે નલ છે જળ ના પ્રોજેકટ અંતર્ગત અહીં આવેલ સમ્પ હાઉસમાં મુખ્ય પાઈપ લાઈન નું જોડાણ આપવા નું હોવાથી ત્રણ દિવસ પાણી વિતરણ ની સેવા બંધ રાખવાનો નિર્ણય પાલિકા દ્વારા કરવામાં આવ્યો છે તા ૧૨ માર્ચ ના રોજ શહેર ના લોકોને પૂરતા પ્રમાણમાં પાણી વિતરણ કરવામાં આવશે અને પછી તા ૧૬ માર્ચના રોજ રાબેતા મુજબ પાણી વિતરણ કરવામાં આવશે. પાલિકા પ્રમુખ દ્વારા લોકોને અનુરોધ કરવામાં આવ્યો છે પાણી નો બચાવ કરવો અને બિનજરૂરી બગાડ ન કરવા અપીલ કરવામાં આવી છે.

## સરાડીયા પરિવારની મહિલાઓ મહેમાનની રાહમાં એક કલાક તડકામાં ઉભી રહી

# બગસરામાં મુખ્ય માર્ગ બનાવવા મહિલાઓએ ધારાસભ્યનો કર્યો ઘેરાવ

ભાજપ અગ્રણીનાં ઘર પાસે માર્ગ બનાવવાનું શરૂ થતાં મહિલાઓએ ધારાસભ્યને વેધક પ્રશ્ન કર્યા

વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કરવા ગયેલ ધારાસભ્ય, નાયબ દંડકે મામલો શાંત કર્યો

ભાજપનાં આગેવાનનાં ઘર પાસે અને સાથે મહત્વનો માર્ગ બનાવી આપવા માંગ થઈ

માંગ પૂર્ણ ન થાય તો સ્થાનિકોએ આગામી ચૂંટણીનાં બહિષ્કારની ચીમકી આપી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૧

બગસરામાં રૂા. ૮ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. જેમાં શહેર ભાજપના આગેવાનના ઘર પાસે બ્લોક રોડ મંજૂર કરવામાં આવતા વિસ્તારની મહિલાઓએ ધારાસભ્યનો ઘેરાવો કર્યો હતો. જો કે ધારાસભ્યએ રોડ બનાવવાની ખાતરી આપતા મામલો થાળે પડયો હતો. બગસરામાં સરાણીયા વિસ્તારમાં સરકારની ગ્રાન્ટમાંથી મકાન બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતા ધારાસભ્ય કૌશિક વેકરીયા, જે.વી. કાકડીયા, પાલિકા પ્રમુખ સહિતની હાજરીમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. સવારના ૧૦ વાગ્યે કાર્યક્રમ હોવાથી સરાણીયા પરિવારની મહિલાઓ એક કલાક સુધી મહેમાનોની રાહમાં તડકે ઉભી રહી હતી. મકાનના ખાતમુહૂર્ત બાદ, અટલજી પાર્ક ડેવલોપમેન્ટ સહિતના નિલકંઠનગર, ભોજલરામ નગર, ઝાંઝરીયા રોડ પર ૨૦ લાખના ખર્ચે બ્લોક રોડ બનનાર હોવાથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. ખાતમુહૂર્ત બાદ ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતનો કાફલો નિકળતા નિલકંઠ નગર વિસ્તારની મહિલાઓએ ધારાસભ્ય જે.વી. કાકડીયાનો ઘેરાવ કર્યો હતો અને ભાજપ આગેવાનના ઘર પાસે બની રહેલા રોડની સાથે મુખ્ય માર્ગનો રોડ પણ મંજૂર કરી બનાવવામાં આવે તેવી મહિલાઓએ ઉગ્ર રજૂઆત કરી હતી. મહિલાઓની ઉગ્ર રજૂઆતથી ધારાસભ્યએ રોડ બનાવવાની ખાતરી આપતા મામલો થાળે પડયો હતો.

બગસરા નિલકંઠ નગરમાં ભાજપ આગેવાનના ઘર પાસે ધારાસભ્યએ બ્લોક રોડ બનાવવા માટે રૂા. પાંચ લાખ ફાળવતા પૂર્વ પાલિકા સદસ્ય રાજેશ દેશાણીએ જણાવ્યું હતું કે, ભાજપના આગેવાનના ઘર પાસે જ રોડ બને છે જયારે અન્ય લોકો સાથે પાલિકા અને ધારાસભ્ય તરફથી ઓરમાયુ વર્તન રાખવામાં આવે છે. ધારાસભ્યએ ધારાસભાની ચૂંટણી વખતે વિકાસ ફંડ ભરી દેવાની વાત કરી હતી. જો કે ચૂંટણીમાં વિજેતા બન્યા પછી વિકાસ ફંડ ભરવાની વાત હવામાં ઉડી જતા વિસ્તારવાસીઓમાં રોષ ફેલાયો છે.

બગસરા નિલકંઠ નગરની મહિલાઓએ રોષ સાથે જણાવ્યું હતું કે, જયાં સુધી સોસાયટીનો મુખ્ય માર્ગ નહી બને ત્યાં સુધી કોઈ ગલી કે નાકાનો રોડ થવા દેવામાં આવશે નહી. જો મુખ્ય માર્ગ નહી બનાવવામાં આવે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની પણ મહિલાઓએ ચિમકી આપી હતી.

### લોક અદાલતની યશ કામગીરીમાં વધુ પીછાનો થયો ઉમેરો

## અમરેલી ખાતે યોજાયેલ લોક અદાલતમાં ૨૬ વર્ષ જુના કેસનુ સુખદ સમાધાન

### અમરેલીની ભાગીદારી પેઢીનાં કેસનું થયું સમાધાન

અમરેલી, તા. ૧૧

ભારત દેશની પ્રથમ લોક અદાલત યોજવાનું શ્રેય ગુજરાત રાજયને જાય છે. દેશની પ્રથમ લોક અદાલત ગીર સોમનાથ (ત્યારે જુનાગઢ) જિલ્લાનાં ઉના મુકામે સન ૧૯૮૨નાં વર્ષમાં યોજવામાં આવી હતી. પ્રથમ લોક અદાલતનું આયોજન થયું ત્યારથી આજદિન સુધી '' ન કોઈની જીત, ન કોઈની હાર. થોડી બાંધછોડ સુખદ સમાધાન' ની વિચારધારા ચરિતાર્થ થતી જોવા મળી રહી છે અને એ રીતે લોક અદાલત સતત નવી ઉંચાઈઓ સર કરતી રહી છે. લોક અદાલતની સફળતાની એ જ શૃંખલામાં તા. ૯/૩/૨૪નાં રોજ યોજાયેલી નેશનલ લોક અદાલતમાં વધુ એક કડી ઉમેરાઈ. એડીશનલ સિનીયર સિવિલ કોર્ટ, અમરેલી ખાતે ૧૯૯૭ની સાલથી એટલે કે ૨૬ વર્ષથી ચાલી રહેલાં એક સિવિલ કેસમાં સમાધાન થતાં એક લાંબા ભાગીદારી વિવાદનો સુખદ અંત આવ્યો હતો. કેસની વિગત એવી છે કે, અમરેલી શહેર ખાતે રહેલી એક ભાગીદારી પેઢીનાં એક ભાગીદારે ૧૯૯૭ની સાલમાં અમરેલી કોર્ટમાં દાવો કરી, ભાગીદારી પેઢીનું વિસર્જન કરવા અને નફા– નુકસાનની તમામ ભાગીદારો વચ્ચે સરખે ભાગે વહેંચણી કરવા દાદ માંગી હતી.

આ દાવો સતત ૨૬ વર્ષથી લડાતો હતો. તેમાં અમુક પક્ષકારો મરણ પણ ગયેલ હતા. તેમ છતાં યેનકેન પ્રકારે આજદિન સુધી તેનો નિકાલ આવતો ન હતો. આ બાબત એડીશનલ સિનીયર સિવિલ જજ ડી.પી. ઓઝાનાં ધ્યાન ઉપર આવી હતી. તેઓએ દાવાનાં પક્ષકારો અને બંને પક્ષનાં વકીલો સાથે સતત ચર્ચા વિચારણા કરી હતી અને દાવાનાં વિવાદને સુખદ નિરાકરણ સુધી દોરી લાવ્યા હતા. અંતે, ડી.પી. ઓઝાની સમજાવટ તથા વાદી વકીલ ડી.એમ. ભટ્ટ તેમજ પ્રતિવાદી વકીલ જી.એમ. દવેનાં સતત પ્રયત્નોથી પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયુ હતું અને વિવાદવાળી સ્થવાર–જંગમ મિલકતનું તમામ ભાગીદારો વચ્ચે સરખી વહેંચણી કરવાનું લોક અદાલત સમક્ષ નકકી થયુ હતું. આ રીતે કોર્ટ તથા વકીલોઓનાં સંયુકત પ્રયાસોથી એક ૨૬ વર્ષ જુના વિવાદવાળા કેસનો નિકાલ થતાં લોક અદાલતની યશકલગીમાં વધુ એક પીછાનો ઉમેરો થયો હતો.

### મોટાભાઈએ બાઈક ન આપતાં નાનાભાઈ તેમની છાતી પર ચડી ગયા

## જાફરાબાદનાં ટીંબી ગામે સામાન્ય બાબતે નાનાભાઈએ તેમના સગ્ગા મોટાભાઈને શ્વાસ રૂંધાઈ મોતને ઘાટ ઉતાર્યા

### સ્થાનિક પોલીસે હત્યાનો ગુન્હો નોંધી આરોપીને ઝડપી લીધા

અમરેલી, તા. ૧૧

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાં રહેતા નરસિંહભાઈ સરવૈયા અને તેમના સગા નાના ભાઈ હરજીભાઈ સરવૈયા વચ્ચે ગત તા. ૮/૩ ના રોજ સાંજે ૭/૩૦ દરમ્યાન ટીંબી ગામે સામાન્ય બાબતે મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં આરોપી હરજીભાઈ દ્વારા તેમના સગા મોટાભાઈ નરસિંહભાઈ પાસે બાઈક માંગતા નહિ આપવાના મનદુઃખ રાખી મૂંઢ માર માર્યો અને પકડી જમીનમાં નીચે ભટકાવતા છુટા હાથની મારામારી કરતા નરસિંહભાઈ પડી ગયેલ અને આરોપી હરજીભાઈ મૃતક નરસિંહભાઈની છાતી ઉપર ચડી અને બેસી ગયેલ હોય જેના કારણે નરસિંહભાઈનો ાસ રૂંધાઈ જવાથી મોત થયું.

જયારે આ ઘટના બાદ મૃતકની લાશ ભાવનગર ફોરેન્સિક રિપોર્ટમાં મોકલતા રિપોટમાં માથાના ભાગે ઈજાઓ થયાનું આવતા નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં આરોપી સગા નાના ભાઈ સામે ૩૦૨ મુજબ હત્યાનો ગુન્હો નોંધાતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાને પગલે ડી.વાય.એસ.પી. સહિત ઘટના સ્થળે દોડી નાગેશ્રી પી.એસ.આઈ. પલાસ સહિત અધિકારીઓ દ્વારા અલગ અલગ ટીમો બનાવતા આરોપી હરજીભાઈ ડાયાભાઈ સરવૈયાને ગણતરીની કલાકોમાં દબોચી લીધો અને કાર્યાવહી શરૂ કરવામાં આવી હતી.

નાગેશ્રી પોલીસે આરોપીની ધરપકડ કરી આરોપીની પૂછપરછ શરૂ કરવામાં આવતા અને ફરિયાદની હકીકત માહિતી પ્રમાણે બંને સગા ભાઈ છે. બાઈકની સામાન્ય તકરારમાં મામલો હત્યા સુધી પહોંચી જતા હવે નાગેશ્રી પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટનામાં અન્ય કોઈ કારણ છે કે કેમ ? તે દિશામાં પણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. હાલ આરોપી પોલીસ ગિરફમાં આવી ગયો છે અને સામાન્ય બાબતની મારમારીમાં ભાઈના હાથે જ ભાઈની હત્યા થઈ છે અને એક ભાઈએ જીવ ગુમાવ્યો તો બીજા ભાઈ હવે જેલના સળિયા પાછળ ધકેલાયા છે.

### સ્થાનિક પોલીસની કાર્યવાહી

## બાબરામાં તીનપતીનો જુગાર રમતા ૪ પતા પ્રેમીઓ ઝડપાયા

### રૂપિયા ૧૭૫૨૦નો મુદ્દામાલ કબ્જે

બાબરા, તા. ૧૧

બાબરા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. સી.એસ. કુગસીયાની રાહબારી હેઠળ બાબરા પોલીસ સ્ટેશનના હેડ. કોન્સ આર.જી. રાઠોડ તથા પો. કોન્સ મહાવિરસિંહ બી સિંધવ તથા પો.કોન્સ છત્રપાલસિંહ કનકસિંહ ગોહિલ તથા આ.પો. કોન્સ હસમુખભાઈ શીવાભાઈ ચૌહાણ એ રીતેના બાબરા પો.સ્ટેના નાઈટ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી રાહે હકિકત મળેલ કે બાબરા ટાઉન વિસ્તારમા આવેલ ધુડીયા દાદાના મંદિર પાસે જાહેરમા અમુક ઈસમો હારજીતનો જુગાર રમે છે તેવી હકિકત મળતા હકિકત વાળી જગ્યાએ રેઈડ કરતા ત્રણ પતા પ્રેમીઓને રોકડ રૂપીયા ૧૭૫૨૦ ના મુદામાલ સાથે પકડી પાડી તેઓના વિરૂધ્ધમા બાબરા પો.સ્ટેમા જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરેલ છે. પોલીસે જુગાર રમતા (૧) મહેશભાઈ રામજીભાઈ રાઠોડ (૨) યુનુસખાન લાલખાન જલવાણી (૩) મુસ્તાકભાઈ ઉર્ફે મુન્નાભાઈ કાસમભાઈ મેતર સામે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરેલ છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા





















### ચૂંટણી બોન્ડને લઈને કોંગ્રેસના ભાજપ પર આકરા પ્રહાર

# વડાપ્રધાન મોદીના ચંદે કા ધંધાની પોલ ખુલવાની છે : રાહુલ ગાંધી

### જે લોકો દાન આપે છે તેના પર કૃપાનો વરસાદ અને જનતા પર ટેક્સનો માર, આ છે ભાજપની મોદી સરકાર

નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી બોન્ડને લઈને ભાજપ પર પ્રહારો કર્યા છે. તેમણે 'એકસપોસ્ટ કરીને કહ્યું કે, વડાપ્રધાન મોદીના ચંદે કા ધંધાની પોલ ખુલવાની છે. જે લોકો દાન આપે છે તેના પર કૃપાનો વરસાદ અને જનતા પર ટેક્સનો માર, આ છે ભાજપની મોદી સરકાર.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કરતા રાહુલ ગાંધીએ 'ઠ'લખ્યું કે, 'નરેન્દ્ર મોદીનો 'ચંદે કા ધંધા'ની પોલ ખુલવાની છે.! સ્વિસ બેંકમાંથી ૧૦૦ દિવસમાં કાળું નાણું પરત લાવવાના વચન સાથે સત્તામાં આવેલી સરકાર પોતાની જ બેંકના ડેટા છુપાવવા માટે સુપ્રીમ કોર્ટમાં માથું ટેકવીને ઊભી રહી. ચૂંટણી બોન્ડ ભારતીય ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ સાબિત થવા જઈ રહ્યું છે, જે ભ્રષ્ટ ઉદ્યોગપતિઓ અને સરકારની સાંઠગાંઠનો પર્દાફાશ કરશે અને નરેન્દ્ર મોદીનો અસલી ચહેરો દેશ સમક્ષ ઉજાગર કરશે.'

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં એસબીઆઈની અરજી (ચૂંટણી બોન્ડ સંબંધિત માહિતી જાહેર કરવા માટે સમય મર્યાદા વધારવાની વિનંતી) ફગાવી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં એસબીઆઈએ માગ કરી હતી કે તેમને વધુ સમય આપવામાં આવે અને જૂન પછી આંકડા જાહેર કરવામાં આવે. હવે આ મામલે સુપ્રીમકોર્ટે એસબીઆઈને આવતીકાલે જ વિગતો જાહેર કરવા આદેશ કરી દીધો છે. એટલે કે દેશની સૌથી મોટી બેન્કે ૧૨ તારીખે ચૂંટણી બોન્ડને લગતી તમામ વિગતો જાહેર કરવી પડશે. આ સાથે જ ચૂંટણી પંચને કહેવામાં આવ્યું કે ૧૫ માર્ચ સુધી તે આ વિગતો વેબસાઈટ પર અપલોડ કરે.

કેન્દ્ર સરકારે ૨૦૧૭માં ચૂંટણી બોન્ડ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના ૨૯મી જાન્યુઆરી ૨૦૧૮માં સરકાર દ્વારા કાયદેસર રીતે લાગુ કરવામાં આવી હતી. જો સરળ ભાષામાં સમજીએ તો, ચૂંટણી બોન્ડ એ રાજકીય પક્ષોને દાન આપવાનું નાણાકીય માધ્યમ છે. તે એક પ્રોમિસરી નોટ અથવા બેરર બોન્ડ તરીકે કામ કરે છે. જે ભારતનો કોઈપણ નાગરિક અથવા કંપની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની પસંદગીની શાખાઓમાંથી ખરીદી શકે છે અને તેમની પસંદગીના કોઈપણ રાજકીય પક્ષને અનામી રૂપે દાન કરી શકે છે.

### ચંદ્રયાન-૩ની સફળતા બાદ ઈસરોનું વધુ એક લક્ષ્યાંક

# ભારત ટૂંકમાં સમદ્રની ઊંડાઈની શોધ માટે સમુદ્રયાન શરૂ કરશે

### ભારત આવતા વર્ષના અંત સુધીમાં સમુદ્રના અભ્યાસ માટે તેના વૈજ્ઞાનિકોને સમુદ્રતળની નીચે મોકલી શકશે

નવી દિલ્હી, તા.૧૧

વર્ષ ૨૦૨૩માં ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતર્યું હતું, હવે ઈસરો ગગનયાન તરફ ઝડપથી આગળ વધી રહી છે. આ દરમિયાન એવા અહેવાલો સામે આવ્યા છે કે ભારત ટૂંક સમયમાં સમુદ્રની ઊંડાઈમાં શોધ માટે સમુદ્રયાન શરૂ કરવા માટે તૈયાર છે.

પૃથ્વી વિજ્ઞાનમંત્રી કિરણ રિજિજુએ સંકેત આપ્યા છે કે વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં કેટલાક સારા સમાચાર આવશે.

રિજિજુએ કહ્યું કે, "ભારત આવતા વર્ષના અંત સુધીમાં સમુદ્રના અભ્યાસ માટે તેના વૈજ્ઞાનિકોને સમુદ્રતળની નીચે ૬ કિલોમીટરની ઊંડાઈ સુધી મોકલી શકશે." રિજિજુએ આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "ભારતની ડીપ સી સબમરીન 'મત્સ્ય ૬૦૦૦' પર કામ ચાલી રહ્યું છે અને આ વર્ષના અંત સુધીમાં તેનું પરીક્ષણ કરવામાં આવશે. આ સબમરીન માણસોને સમુદ્રમાં ૬,૦૦૦ મીટરની ઉંડાઈ સુધી લઈ જવા માટે સક્ષમ હશે."

રિજિજુએ વધુમાં જણાવ્યું હતું કે, "મને વિશ્વાસ છે કે ૨૦૨૫ના અંત સુધીમાં, એટલે કે આવતા વર્ષ સુધીમાં, અમે ૬,૦૦૦ મીટરથી વધુ ઊંડા સમુદ્રમાં અમારા માનવ ક્રૂને મોકલી શકીશું. સમુદ્રયાન મિશન ૨૦૨૧માં શરૂ કરવામાં આવ્યું હતું. આ મિશન હેઠળ 'મત્સ્ય ૬૦૦૦'નો ઉપયોગ કરીને ક્રૂને મધ્ય હિંદ મહાસાગરમાં ૬,૦૦૦ મીટરની ઊંડાઈ સુધી પહોંચાડવામાં આવશે. તેના દ્વારા ત્રણ ક્રૂ મેમ્બર્સને સમુદ્રની અંદર અભ્યાસ માટે મોકલવામાં આવશે."વૈજ્ઞાનિક સેન્સર અને સાધનોથી આ સબમરીન સજ્જ હશે અને તેની ઓપરેશનલ ક્ષમતા ૧૨ કલાક હશે, જેને કટોકટીની સ્થિતિમાં ૯૬ કલાક સુધી વધારી શકાય છે. અત્યાર સુધી અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને જાપાન જેવા દેશોએ ઊંડા સમુદ્રી મિશન સફળતાપૂર્વક પાર પાડ્યા છે. ભારત આવા મિશન માટે કુશળતા અને ક્ષમતાનું પ્રદર્શન કરીને આ દેશોની શ્રેણીમાં જોડાવા માટે તૈયાર છે.

### વડાપ્રધાન રેલવેનાં વિવિધ પ્રોજેક્ટ અને વંદે ભારત ટ્રેનનું લોકાર્પણ કરશે

# આજે વડાપ્રધાન ગુજરાત પ્રવાસે વિવિધ પ્રોજેક્ટોનું લોકાર્પણ કરશે

### મોદી દાંડીકૂચ દિવસ નિમિત્તે અમદાવાદમાં "આશ્રમ ભૂમિ વંદના" કાર્યક્રમમાં સામેલ થશે અને 'મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ'નો શુભારંભ કરશે

અમદાવાદ, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ૧૨ માર્ચ ૨૦૨૪ એટલે કે કાલે દાંડીકૂચ દિવસ નિમિત્તે અમદાવાદમાં "આશ્રમ ભૂમિ વંદના" કાર્યક્રમમાં સામેલ થશે અને 'મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેકટ'નો શુભારંભ કરશે. આ આશ્રમ આઝાદીની ચળવળ દરમિયાન ગાંધીજી સાથે દેશ અને દુનિયાભરના નેતાઓની મંત્રણાનો સાક્ષી રહ્યો છે, સાથે જ આ આશ્રમ ગાંધીજીના ઉચ્ચ આદર્શો, મૂલ્યો અને સાદગીભર્યા જીવનનો પણ સાક્ષી રહ્યો છે. 'આશ્રમભૂમિ વંદના' ના આ સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહેશે.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવ્યા બાદ ૧૯૧૭માં અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે આ આશ્રમનો પાયો નાખ્યો હતો. ભારતીય ઈતિહાસના એક મહત્વપૂર્ણ અધ્યાય તરીકે સાબરમતી આશ્રમ આઝાદીની ચળવળનું એક મુખ્ય કેન્દ્ર રહ્યો છે. આ સ્થળની સાદગી અને પવિત્રતાને જોઈને વિશ્વાસ કરવો મુશ્કેલ છે કે અડધી દુનિયા પર રાજ કરનારા અંગ્રેજોને ભારત છોડવા માટે મજબૂર કરી દેનારા એક સામાન્ય વ્યક્તિએ આ જ સ્થળેથી આઝાદીના અહિંસક આંદોલનની વ્યૂહરચનાઓ બનાવી અને દેશવાસીઓને સ્વાધીનતા માટે જાગૃત કર્યા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મનમાં મહાત્મા ગાંધી માટે વિશેષ લાગણી અને સન્માનની ભાવના છે. યુદ્ધના આ સમયમાં શાંતિના હિમાયતી તરીકે વડાપ્રધાનશ્રીની વાતો મહાત્મા ગાંધીની યાદ અપાવે છે. તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે પણ વર્તમાન પેઢીની સાથે-સાથે દેશ અને દુનિયાભરના લોકોને ગાંધીવિચારો સાથે જોડવાની દિશામાં પ્રયત્નો કરતા હતા. ભવિષ્યની પેઢી પણ મહાત્મા ગાંધીના આદર્શો અને સાદગીપૂર્ણ જીવનનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે તે માટે વડાપ્રધાનશ્રીએ સાબરમતી આશ્રમના પુનઃનિર્માણ માટેના આ પ્રોજેકટની પરિકલ્પના કરી હતી.

રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે પ્રસ્તાવિત ૫૫ એકરમાં ફેલાયેલા આ પ્રોજેકટનો ઉદ્દેશ સાબરમતી આશ્રમ અને તેની આસપાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરીને તેમની ઓળખ સ્થાપિત કરવાનો તેમજ પ્રવાસીઓને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથે મહાત્મા ગાંધીજીને સમર્પિત એક વિશ્વસ્તરીય સ્મારકનું નિર્માણ કરવાનો છે. આ સ્મારક ભાવિ પેઢીઓ માટે પ્રેરણારૂપ બનશે અને ગાંધીજીના વિચારોની અસરકારકતા વધારશે.અહીંયા ગાંધીજીના દિવ્ય જીવન અને આશ્રમના ભવ્ય વારસાને દર્શાવતા માહિતીપ્રદ પ્રદર્શનોની સાથે જ પૂજ્ય બાપુ દ્વારા સાબરમતી આશ્રમથી શરૂ કરવામાં આવેલા સત્યાગ્રહ અને સ્વાતંત્ર્ય સંગ્રામને દર્શાવતા ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો પણ જોવા મળશે. આ ઉપરાંત, આ સંકુલ મુલાકાતીઓ અને પ્રવાસીઓ માટે વ્યાખ્યાન કેન્દ્ર તેમજ જાહેર સુવિધાઓ જેવીકે ફૂડ કોર્ટ, સોવેનિયર શોપ વગેરે જેવી સુવિધાઓથી સજ્જ હશે. અહીંયા એવા વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે, જ્યાં મુલાકાતીઓ ગાંધીજીના સાતત્ય અને આત્મનિર્ભરતાના મૂલ્યોને પ્રોત્સાહન આપવાના વિચારોનો અનુભવ કરી શકશે તેમજ આશ્રમમાં ગાંધીજીના સમય દરમિયાન બનાવવામાં આવેલ હસ્તકલાઓને પણ નિહાળી શકશે.

પૂજ્ય બાપુના દર્શન અને વિચારોને અભિવ્યકત કરનારા સાબરમતી આશ્રમને એક નવા સ્વરૂપમાં દુનિયા સમક્ષ પ્રસ્તુત કરતી વખતે એ વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવશે કે આશ્રમનું 'આવરણ' ભલે નવું હોય, પરંતુ તેનો 'આત્મા' એ જ રહે. આ પ્રોજેકટમાં મુખ્ય આશ્રમની સાદગી અને અધિકૃત સ્થાપત્યોને જાળવી રાખીને ૨૦ જૂના મકાનોનું સંરક્ષણ, ૧૩ મકાનોનો જીર્ણોદ્ધાર અને ૩ મકાનોનો પુનઃવિકાસ સામેલ છે. તેનો ઉદ્દેશ સાબરમતી આશ્રમની મુલાકાતે આવતા લોકો માટે શુદ્ધ, સ્વચ્છ, શાંતિપૂર્ણ અને હરિયાળું વાતાવરણ ઊભું કરવાનો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દુનિયાને સત્ય, અહિંસા અને શાંતિનો સંદેશ આપનારા મહાત્મા ગાંધીના જીવનની યાદોને સમેટીને રાખનારા આ સાબરમતી આશ્રમના પુનઃવિકાસનું કાર્ય પૂર્ણ સંવેદનશીલતા અને ભાવનાત્મકતા સાથે કરવા જઈ રહી છે, કારણકે, સાબરમતી આશ્રમ એક સ્થળ માત્ર જ નથી, પરંતુ સ્વાતંત્ર્ય સેનાનીઓની તપોભૂમિ છે, આત્મખોજનું સ્થળ છે અને જીવનમૂલ્યોની પાઠશાળા છે. અહીંના કણ-કણમાં આજે પણ ગાંધીજીની વિરાસત, સાદગી અને વિચારોની સુગંધ પ્રસરેલી છે. વડાપ્રધાનના નેતૃત્વમાં ગાંધીજીના વિચારોને યુવા પેઢી સુધી પહોંચાડવાની દિશામાં આ પુનઃવિકાસ પ્રોજેક્ટ એક માઈલસ્ટોન સાબિત થશે.

### ફોરેન એજ્યુકેશન માટે ભારતીયોની પહેલી પસંદ અમેરિકા

# અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય સ્ટુડન્ટન્સની સંખ્યા રેકોર્ડ સ્તરે પહોંચી

### યુએસએમાં ભણવાનો ખર્ચ ઘણો વધારે આવે છે, પરંતુ તેની સામે સારી જોબ મળવાની શક્યતા પણ વધુ રહે છે

નવી દિલ્હી, તા.૧૧

ભારતીયો અમેરિકાને ફોરેન એજ્યુકેશન માટે સૌથી વધુ પસંદ કરે છે અને લેટેસ્ટ આંકડા આ વાતની સાબિતી આપે છે. અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય સ્ટુડન્ટન્સની સંખ્યા રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ભારતીયો માટે તકલીફ શરૂ થઈ તેના કારણે ઘણા સ્ટુડન્ટ હવે અમેરિકા તરફ વળ્યા છે. યુએસએમાં ભણવાનો ખર્ચ ઘણો વધારે આવે છે, પરંતુ તેની સામે સારી જોબ મળવાની શક્યતા પણ વધુ રહે છે. ઉદાહરણ તરીકે પ્રણય કરકલે નામનો એક સ્ટુડન્ટ હાલમાં અમેરિકામાં માસ્ટર ડિગ્રી કરી રહ્યો છે. પ્રણયે આ માટે ઘણા વર્ષો સુધી બચત કરી હતી અને ત્યાર પછી ૬૦ હજાર ડોલરની સ્ટુડન્ટ લોન લીધી હતી. તે કહે છે કે મારા ઘણા સગાએ પોતાની જમીન અને મકાનો વેચીને પોતાના સંતાનોને અમેરિકા ભણવા મોકલ્યા છે. હું મારી જાતને નસીબદાર માનું છું.

પ્રણય કહે છે કે તેને જ્હોન હોપકિન્સ યુનિવર્સિટીમાં એડમિશન મળી જાય તે માટે સખત મહેનત કરશે. તેનાથી તેના માટે સારી જોબ મેળવવાના માર્ગ ખુલી જશે. ભારતમાં જે પગાર શક્ય જ નથી તે પગાર મને અમેરિકામાં મળી શકશે. ભારતમાંથી દર વર્ષે લગભગ ૧૫ લાખ યુવાનો વિદેશમાં એજ્યુકેશન માટે જાય છે. ૨૦૧૨ની સાથે સરખાવવામાં આવે તો વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓની સંખ્યા આઠ ગણી વધી ગઈ છે. તેમાં સૌથી વધુ સ્ટુડન્ટ અમેરિકા જાય છે. કેનેડામાં આ વર્ષે ભારતીય સ્ટુડન્ટની સંખ્યા ઘટી છે અને તેનો ફાયદો અમેરિકાને થયો છે.

ડલ્લાસ ખાતે યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં ઘણા ભારતીય સ્ટુડન્ટ જોવા મળે છે. અહીં છેલ્લા ચાર વર્ષમાં ચાઈનીઝ સ્ટુડન્ટની સંખ્યા ૧૨૦૦થી ઘટીને ૪૦૦ થઈ છે. પરંતુ ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦૦૦થી વધીને ૪૪૦૦ થઈ ગઈ છે. રાજશ્રી નામની યુવતી ભારતથી અમેરિકા માસ્ટર્સ ડિગ્રી માટે આવી છે અને બિઝનેસ એનાલિટિક્સનો અભ્યાસ કરે છે. તેણે ૪૦,૦૦૦ ડોલરની ટ્યુશન ફી માટે એજ્યુકેશન લોન લીધી છે. રાજશ્રી કહે છે કે આ લોન મારા માટે ભવિષ્યના રોકાણ સમાન છે. ભારતમાં અમે બીજી કોઈ પણ ચીજ કરતા એજ્યુકેશનને વધારે વેલ્યૂ આપીએ છીએ.

ભારતમાં ઘણી જગ્યાએ અમેરિકન યુનિવર્સિટીઓ એજ્યુકેશન ફેર યોજે છે અને સ્ટુડન્ટને આકર્ષવા માટે પ્રયાસ કરે છે. હવે તો નાના શહેરોમાં પણ અમેરિકન યુનિવર્સિટીના માણસો કાર્યક્રમો યોજે છે અને સ્ટુડન્ટનો કોન્ટેક્ટ કરવા પ્રયાસ કરે છે. જોકે, અમેરિકા પહોંચીને ભણવું એટલું સરળ નથી. ઘણા ભારતીય વિદ્યાર્થીઓની વિઝા એપ્લિકેશન રિજેક્ટ કરી દેવામાં આવે છે.ગયા શુક્રવારે અમેરિકન એમ્બેસીમાં વિઝા ઈન્ટરવ્યૂ આપીને બહાર નીકળેલી ડેઈઝી નામની યુવતીએ કહ્યું કે તેના વિઝા રિજેક્ટ થયા છે. ડેઈઝીએ કેલિફોર્નિયાની વેસ્ટક્લિફ યુનિવર્સિટીમાં એડમિશન લીધું હતું. વિઝા માટે તેણે કેટલાય અઠવાડિયા તૈયારી કરી હતી અને એક એજન્સીની મદદ પણ લીધી હતી. છતાં અમેરિકાએ તેને વિઝા નથી આપ્યા. વિઝા શા માટે રિજેક્ટ થયા તેનું કારણ પણ આપવામાં નથી આવ્યું. ડેઈઝી ૨૨ વર્ષની છે. તેને આશા છે કે ભવિષ્યમાં તે અમેરિકામાં ભણીને ભારત આવશે ત્યારે પરિવારને સપોર્ટ કરી શકશે. ડેઈઝીના પિતા પંજાબમાં એક પેટ્રોલ પંપ ચલાવે છે. ડેઈઝી માંડ માંડ પોતાના આંસુ રોકતા કહે છે કે તે ફરીથી વિઝા ઈન્ટરવ્યૂ માટે તૈયારી કરશે અને એપ્લિકેશન કરશે. ભારત અત્યારે દુનિયામાં સૌથી ઝડપથી ગ્રોથ કરતા દેશોમાં સામેલ છે. પરંતુ ભારતમાં જોબલેસ ગ્રોથ થઈ રહ્યો છે. એટલે કે આર્થિક વિકાસની સામે જોબની સંખ્યા ઓછી છે, પગારધોરણ નીચા છે અને જોબની કોઈ સિક્યોરિટી નથી.

### સીરમના સીઈઓએ માહિતી આપી

# સીરમ ઈન્સ્ટીટ્યૂટ મેલેરિયાની રસી બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરશે

### વિશ્વની સૌથી મોટી વેક્સિન મેન્યુફેક્ચરિંગ કંપનીએ આ રસી માટે કંપનીએ તેની ઉત્પાદન ક્ષમતા વધારી

નવી દિલ્હી, તા.૧૧

વિશ્વની સૌથી મોટી વેક્સિન મેન્યુફેક્ચરિંગ કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અદાર પૂનાવાલાએ કહ્યું કે, કોરોના વેક્સિન બાદ કંપની હવે મેલેરિયાની રસી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ માટે કંપનીએ તેની ઉત્પાદન ક્ષમતા વધારી છે. સીરમ સંસ્થા કોરોનાની કોવિશિલ્ડ રસી બનાવે છે. માંગના અભાવને કારણે હવે કોરોનાવિરોધી વેક્સિનનું ઉત્પાદન ઘટાડવામાં આવ્યું છે. કંપની હવે મેલેરિયાની રસી બનાવવા માટે તેની પૂરેપૂરી ક્ષમતાનો ઉપયોગ કરશે.

પૂનાવાલાએ કહ્યું કે, જો ભવિષ્યમાં ક્યારેય મહામારી ફેલાય તો સમગ્ર ભારતમાં માત્ર ત્રણથી ચાર મહિનામાં જ રસીકરણ થઈ શકશે. તેમણે કહ્યું કે સીરમમાં મેલેરિયાની રસીના ૧૦ કરોડ ડોઝ બનાવવાની ક્ષમતા છે. જો માંગ વધે તો તેમાં વધુ વધારો કરી શકાશે.

દર વર્ષે લાખો લોકો ડેન્ગ્યુ અને મેલેરિયાનો શિકાર બને છે. પૂનાવાલાએ જણાવ્યું હતું કે મેલેરિયાની રસી અંગે ટેક્નોલોજી ટ્રાન્સફર ડીલને બદલે રસીની નિકાસ પર ભાર આપવામાં આવશે. ડેન્ગ્યુની રસીનું પણ પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

### આ ઘટના જલાલપોરના મહુવર ગામમાં બનવા પામી

# નવસારીમાં શ્વાનના હુમલાથી એક બાળકનું મોત નિપજ્યું

### માથાના ભાગ અને ગરદન પર ઘાતકી હુમલો કરતા બાળકનું મોત નિપજ્યું

નવસારી, તા.૧૧

નવસારીમાં શ્વાનના હુમલાથી બાળકનું મોત નિપજ્યું. આ ઘટના જલાલપોરના મહુવર ગામમાં બનવા પામી. મહુવર ગામના ચાર વર્ષના બાળક પર એક શ્વાન દ્વારા હુમલો કરવામાં આવ્યો. શ્વાનનો હુમલો વધુ ઘાતકી હતો જેના બાદ તનય રાઠોડ નામના બાળકે હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયું. હોસ્પિટલમાં ફરજ પરના તબીબે ૪ વર્ષના બાળકને મૃત જાહેર કર્યો. આ મામલે પોલીસે પોસ્ટમોર્ટમ કરાવી આગળની તપાસ શરૂ કરી. રાજ્યમાં રખડતા ઢોરોનો ત્રાસ વધુ હિંસક બની રહ્યો છે. રખડતા ઢોરોના કારણે લોકો ગંભીર રીતે ઈજા પામે છે તો છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોરના કારણે મૃત્યુની ઘટનાઓ વધી છે. નવસારીમાં શ્વાનના હુમલાએ બાળકનો ભોગ લીધો. આ ઘટનાની સામે આવેલ વિગત મજુબ શ્વાને ૪ વર્ષના બાળકને આખા શરીર પર બચકાં ભર્યા હતા. માથાના ભાગ અને ગરદન પર ઘાતકી હુમલો કરતા બાળકનું મોત નિપજ્યું.છેલ્લા કેટલાક સમયથી શ્વાન હુમલાની ઘટનાઓ વધી છે. ગત મહિના અંતમાં સુરતના ખજોદમાં બે વર્ષની બાળકીને શ્વાને ૫૦ જેટલાં બચકાં ભર્યા હતા. ભેસ્તાન વિસ્તારમાં બે બાળકીઓ ઘરની બહાર રમી રહી હતી ત્યારે શ્વાન દ્વારા તેમના પર હુમલો કરાયો હતો. શ્વાને બાળકીઓને પગ તથા ગાલે બચકાં ભર્યા હતા. જ્યારે અન્ય એક કિસ્સામાં બાળકને તાત્કાલિક મદદ મળી જતા તેનો જીવ બચાવી શકાયો છે. રખડતા ઢોરનો દિવસેને દિવસે આંતક વધી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા કોઈ નિશ્ચિત પગલાં લેવામાં ના આવતા લોકોમાં રોષ જોવા મળ્યો છે.

### ઉત્તર પ્રદેશના બિજનોરના કર્મચારીનો રેકોર્ડ

# બિજનોરના તેજપાલસિંહે ૨૬ વર્ષની નોકરીમાં માત્ર એક જ દિવસ રજા લીધી

### ૨૬ ડિસેમ્બર ૧૯૯૫ના રોજ તેજપાલસિંહે કલાર્ક તરીકે દ્વારકેશ શુગર ઈન્ડસ્ટ્રીજ લિમિટેડમાં નોકરીમાં જોડાયા હતા

બિજનોર, તા.૧૧

એક બાજુ વિશ્વમાં અઠવાડિયામાં ૩ દિવસની રજા આપવાની વાત થઈ રહી છે, તો અહીં ઉત્તરપ્રદેશના બિજનોરમાં નિવાસી તેજપાલસિંહે પોતાની ૨૬ વર્ષની નોકરીમાં માત્ર એક જ દિવસની રજા લીધી છે. તેઓ રવિવારે પણ ઓફિસ આવતા હતાં. સાંભળવામાં આ થોડુ અજુગતું લાગશે, પરંતુ આ હકીકત છે. તેજપાલસિંહનો આ રેકોર્ડ 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ'માં નોંધાયો છે.

તેજપાલસિંહ કહ્યું કે, "મેં મારી ૨૬ વર્ષની નોકરીમાં માત્ર એક જ દિવસની રજા લીધી છે. પછી ભલેને હોળી હોય, દિવાળી હોય કે રવિવાર હોય, હું દરરોજ ઓફિસમાં હાજર રહતો હતો. હું કંપનીમાં ૧૯૯૫થી કામ કરી રહ્યો છું. વર્ષમાં લગભગ ૪૫ રજાઓ મળે છે. પરંતુ મેં આજ દિવસ સુધીમાં માત્ર એક જ રજા લીધી છે. આ કામ હું મારી મરજીથી કરતો હતો. જે આજે મારા નામે રેકોર્ડ બની ગયો છે."

અત્રે નોંધનીય છે કે, હાલમાં કોર્પોરેટ જગતમાં અઠવાડિયામાં ૩ દિવસ કામ ન કરવાથી કર્મચારીઓમાં તેમની કાર્યકુશળતામાં વધવાને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. પરંતુ આ ચર્ચાઓ વચ્ચે બિજનોર જિલ્લામાંથી એક એવો વ્યક્તિ સામે આવ્યો છે, જેણે પોતાની ૨૬ વર્ષની નોકરીમાં માત્ર એક જ દિવસ રજા લીધી હતી.જેનું નામ તેજપાલસિંહ છે.

માહિતી પ્રમાણે ૨૬ ડિસેમ્બર ૧૯૯૫ના રોજ તેજપાલસિંહે કલાર્ક તરીકે દ્વારકેશ શુગર ઈન્ડસ્ટ્રીજ લિમિટેડમાં નોકરીમાં જોડાયા હતા. કંપનીની અઠવાડિયાની રજાઓ અને તહેવારોની રજાઓ મળીને લગભગ ૪૫ રજાઓ મળતી હતી. પરંતુ તેજપાલસિંહ ૧૯૯૫થી ૨૦૨૧ સુધી માત્ર એક જ રજા લીધી હતી. ૧૮ જૂન ૨૦૦૩ના રોજ એક રજા લીધી હતી જ્યારે તેમના નાના ભાઈ પ્રદિપકુમારના લગ્ન હતાં.

### આઈપીએલના વર્ષમાં બે વખત આયોજનની યોજના

# વર્ષમાં બે આઈપીએલ માટે ટી૧૦ ફોર્મેટ અંગે વિચારણા

### ભારતીય ક્રિકેટ બોર્ડ માટે એક વર્ષમાં બે આઈપીએલ માટે વિન્ડો શોધવી આસાન નહીં હોય છતાં વિકલ્પની તલાશ

નવી દિલ્હી, તા.૧૧

આઈપીએલ દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાંની એક છે. આઈપીએલના ચાહકો માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં છે. હવે આઈપીએલને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મીડિયા અહેવાલો મુજબ બીસીસીઆઈ એક વર્ષમાં બે વખત આ લીગનું આયોજન કરવાની યોજના બનાવી રહી છે. આઈપીએલની ૧૭મી સિઝન ૨૨ માર્ચથી શરુ થવા જઈ રહી છે. આઈપીએલ ૨૦૨૪ની ઓપનિંગ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાનાર છે.

અગાઉ ભારતીય ટીમના પૂર્વ કોચ રવિ શાસ્ત્રી પણ એક વર્ષમાં બે આઈપીએલની વાત કહી ચૂક્યા છે. એક વર્ષમાં બે આઈપીએલની વાત કરનાર રવિ શાસ્ત્રી પ્રથમ હતા એમ કહેવું ખોટું નહીં હોય. તેમણે કહ્યું હતું કે આ લીગની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ટૂંક સમયમાં એક વર્ષમાં બે આઈપીએલનું આયોજન કરવામાં આવી શકે છે. બીસીસીઆઈ માટે સૌથી મોટો પડકાર યોગ્ય વિન્ડો શોધવાનો છે. એક વર્ષમાં બે આઈપીએલ ત્યારે જ શક્ય બનશે જો વર્ષમાં કોઈ આઈસીસી ઈવેન્ટ ન હોય અથવા તો ઘણી દ્વિપક્ષીય સીરિઝનું આયોજન ન થાય. આઈપીએલ ચેરમેન અરુણ ધૂમલે આ ચેલેન્જ સ્વીકારી હતી. જો કે તેમણે વિકલ્પો શોધવાની પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, "અમારે ૮૪ મેચો અને પછી ૯૪ મેચો માટે વિન્ડો શોધવાની જરૂર છે." બીસીસીઆઈ માટે એક વર્ષમાં બે આઈપીએલ માટે વિન્ડો શોધવી આસાન નહીં હોય. બીસીસીઆઈ બીજી આઈપીએલને ટી૨૦ની જગ્યાએ ટી૧૦ ફોર્મેટમાં આયોજિત કરી શકે તેવું બની શકે છે. આવી સ્થિતિમાં ઓછી વિન્ડોમાં મેચનું આયોજન થઈ શકે છે. જો કે અરુણ ધૂમલે પુષ્ટિ કરી છે કે ટી૧૦ ફોર્મેટના સંબંધમાં હાલ કોઈ ચર્ચા થઈ નથી. જો કે તેમણે એમ પણ કહ્યું કે ભવિષ્યમાં કોઈપણ નિર્ણય રમતના શ્રેષ્ઠ હિતમાં લેવામાં આવશે.

### ભાજપના ભરતી મેળાને આંચકો

# રાજસ્થાનના ચુરુના સાંસદ રાહુલ કસ્વાં ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા

### કસ્વાં રાજીનામું આપીને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેની હાજરીમાં તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા

નવી દિલ્હી, તા.૧૧

લોકસભા ચૂંટણી પહેલા રાજસ્થાનમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. રાજસ્થાનના ચુરુના સાંસદ રાહુલ કસ્વાંએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે લોકસભાના પદ પરથી પણ રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાના રાજીનામાની માહિતી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ દ્વારા આપી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેની હાજરીમાં તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

રાહુલ કસ્વાંએ એક્સ પર પોસ્ટ કરીને પીએમ મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું- રામ-રામ, મારો ચુરુ લોકસભા પરિવાર, મારા પરિવારના સભ્યો. આપ સૌની લાગણીને અનુરૂપ હું જાહેર જીવનમાં એક મોટો નિર્ણય લેવાનો છું. રાજકીય કારણોસર, આજે આ જ ક્ષણે હું ભાજપના પ્રાથમિક સભ્યપદ અને સંસદ સભ્ય પદેથી રાજીનામું આપી રહ્યો છું.

### કેન્દ્ર સરકારે બહાર પાડ્યું નોટિફિકેશન

# દેશમાં આજથી નાગરિકતા સંશોધન કાયદો લાગૂ કરાયો

## હવે ત્રણ પાડોશી દેશોના અલ્પસંખ્યકોને ભારતની નાગરિકતા મળી શકશે : ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડશે

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રની મોદી સરકારે નાગરિકતા સંશોધન કાયદા અંગે નોટિફિકેશન બહાર પાડી દીધુ છે. લોકસભા ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારનું આ મોટું પગલું ગણી શકાય. હવે ત્રણ પાડોશી દેશોના અલ્પસંખ્યકોને ભારતની નાગરિકતા મળી શકશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરાયેલા ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડશે. વાત જાણે એમ છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપે CAA ને પોતાના ચૂંટણી ઢંઢેરામાં સામેલ કર્યો હતો. પાર્ટીએ મોટો મુદ્દો બનાવ્યો હતો. CAA સંસદથી પસાર થયે આમ તો લગભગ પાંચ વર્ષ વીતી ચૂક્યા છે. કેન્દ્ર સરકારે આજે આ કાયદાના અમલીકરણ અંગે નોટિફિકેશન બહાર પાડ્યું છે.

CAA હેઠળ મુસ્લિમ સમુદાયને બાદ કરતા ત્રણ મુસ્લિમ બહુમતીવાળા દેશોમાંથી આવનારા અન્ય ધર્મના લોકોને નાગરિકતા આપવાની જોગવાઈ છે. કેન્દ્ર સરકારે સીએએ સંબંધિત એક વેબ પોર્ટલ પણ તૈયાર કર્યું છે. જેને હવે નોટિફિકેશન બાદ લોન્ચ કરાશે. ત્રણ મુસ્લિમ બહુમતીવાળા પાડોશી દેશોથી આવતા ત્યાંના લઘુમતી સમુદાયના લોકોએ આ પોર્ટલ પર પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને સરકારી તપાસ બાદ તેમને કાયદા હેઠળ નાગરિકતા અપાશે. આ માટે બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી આવેલા વિસ્થાપિત અલ્પસંખ્યકોને કોઈ દસ્તાવેજ આપવાની જરૂર રહેશે નહીં.

વર્ષ ૨૦૧૯માં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે નાગરિકતા કાયદામાં સંશોધન કર્યું હતું. તેમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા આવનારા છ અલ્પસંખ્યકો (હિન્દુ, ખ્રિસ્તિ, શીખ, જૈન, બૌદ્ધ અને પારસી) ને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. નિયમો મુજબ નાગરિકતા આપવાનો અધિકાર કેન્દ્ર સરકારના હાથમાં રહેશે. નાગરિકતા આપવાનો સંપૂર્ણ અધિકાર કેન્દ્ર સરકાર પાસે રહેશે. પાડોશી દેશ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના હિન્દુઓ, શીખ, જૈન, પારસી, બૌદ્ધ અને ખ્રિસ્તિ સમુદાયના લોકોને ભારતીય નાગરિકતા આપવા માટે ૧૯૫૫ ના નાગરિકતા અધિનિયમમાં સંશોધન કરવામાં આવ્યું છે. એવા પ્રવાસી નાગરિકો જે પોતાના દેશોમાં ધાર્મિક ઉત્પીડનથી તંગ આવીને ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા ભારતમાં આવીને શરણ લઈ ચૂક્યા છે. આ કાયદા હેઠળ એવા લોકોને ગેરકાયદેસર પ્રવાસી માનવામાં આવેલા છે જે ભારતમાં પાસપોર્ટ અને વીઝા વગર ઘૂસી આવ્યા છે કે પછી કાયદેસર દસ્તાવેજ સાથે ભારત તો આવ્યા પરંતુ પછી નિર્ધારિત સમયગાળા કરતા વધુ સમય સુધી અહીં રોકાઈ ગયા હોય.

સરકારે સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન બનાવી છે. આ માટે ઓનલાઈન પોર્ટલ બનાવવામાં આવ્યું છે. અરજીકર્તા પોતાના મોબાઈલ ફોનથી પણ અરજી કરી શકે છે. અરજીકર્તાઓએ જ્યારે તેમણે દસ્તાવેજો વગર ભારતમાં પ્રવેશ કર્યો હતો તે વર્ષ જણાવવાનું રહેશે. અરજીકર્તાઓ પાસેથી કોઈ દસ્તાવેજ માંગવામાં નહીં આવે. નાગરિકતા સંલગ્ન જેટલા પણ આવા કેસ પેન્ડિંગ છે તે બધા ઓનલાઈન કન્વર્ટ કરવામાં આવશે. પાત્ર વિસ્થાપિતોએ ફક્ત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ત્યારબાદ ગૃહ મંત્રાલય તપાસ કરશે અને નાગરિકતા આપી દેશે.

### ઉનાળાની શરુઆતે ચિંતા વધી

# ગુજરાતના ૧૩૮ જળાશયોમાં ૫૦% થી પણ ઓછું જળસ્તર

## રાજકોટના આજી-૨ અને સુરેન્દ્રનગરના વંથલીનો તેમાં સમાવેશ થાય છે

અમદાવાદ, તા.૧૧

ઉનાળાની શરુઆત પહેલા જ રાજ્યના જળાશયોની સ્થિતિ ચિંતાજનક થઈ છે. રાજ્યના ૧૩૮ જળાશયોમાં અડધાથી ઓછુ જળસ્તર ભરેલું છે. ૯૦ ટકાથી વધારે જળસ્તર ધરાવતા હોય એવા જળાશયો માત્ર ૨ જ છે. રાજ્યના ૩૬ જળાશયોનું જળસ્તર ૧૦ ટકા કે તેથી ઓછું છે. સૌથી વધારે સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણીના જળસ્કર છે. ૬૮ જળાશયોમાં પાણીનો જથ્થો ૨૦ ટકા કે તેનાથી પણ ઓછો છે.હજુ તો ઉનાળાની શરુઆત થઈ રહી છે, ત્યાં જ હવે પાણીની અછતની ચિંતા વધવા લાગી છે. રાજ્યના ૧૩૮ જળાશયોમાં અડધાથી ઓછુ જળસ્તર ભરેલુંછે. ૯૦ ટકાથી વધારે જળસ્તર ધરાવતા હોય એવા જળાશયો માત્ર ૨ જ છે. રાજકોટના આજી-૨ અને સુરેન્દ્રનગરના વંથલીનો તેમાં સમાવેશ થાય છે. જ્યારે ૮૦ થી ૯૦ ટકા પાણીનો જથ્થો ધરાવતા જળાશયો રાજ્યમાં ૮ છે. જેમાં મોરબીના મચ્છુ-૩, કચ્છના કાલાઘોડા, જૂનાગઢના હિરણ, મહીસાગરના વણાકબોરી, સાબરકાંઠાનો જવાનપુરા, દાહોદના હડફ અને સુરકના લેખીગામનો સમાવેશ થાય છે.૭૦ થી ૮૦ ટકા જળાશય ભરેલા હોય એવા પણ ૮ છે. રાજ્યમાં કેટલાક જળાશય ઉનાળાની શરુઆત પહેલા જ તળીયા ઝાટક થયા છે. દેવભૂમિ દ્વારકાના ગઢકી-સાની, પોરબંદરના અડવાણા-અમીપુરના જળાશયોની સ્થિતિ ચિંતાજનક છે. જૂનાગઢના પ્રેમપરાનનું જળાશય શૂન્ય જળસ્તર ધરાવે છે. રાજ્યના ૩૬ જળાશયોનું જળસ્તર ૧૦ ટકા કે તેથી ઓછું છે. સૌથી વધારે સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણીના જળસ્કર છે. ૬૮ જળાશયોમાં પાણીનો જથ્થો ૨૦ ટકા કે તેનાથી પણ ઓછો છે.

### ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ બાદ સુપ્રીમનું આકરૂ વલણ

# ચૂંટણી બોન્ડની વિગતો આજે જાહેર કરવા એસબીઆઈને સુપ્રીમનો આદેશ

## સુપ્રીમ કોર્ટમાં એસબીઆઈએ માગ કરી હતી કે તેમને વધુ સમય આપવામાં આવે અને જૂન પછી આંકડા જાહેર કરવાની માગ વડી અદાલતે ફગાવી

નવી દિલ્હી, તા.૧૧

ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ મૂકાયા બાદ સુપ્રીમકોર્ટે એસબીઆઈ બેન્કને આ બોન્ડ ખરીદનારા અને તેને રોકડમાં વટાવનારાઓની તમામ વિગતો અને આંકડા જાહેર કરવા કહ્યું હતું. જોકે હજુ સુધી કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા ફરી એકવાર આ મામલો સુપ્રીમકોર્ટ પહોંચ્યો હતો. સુપ્રીમકોર્ટમાં એસબીઆઈએ માગ કરી હતી કે તેમને વધુ સમય આપવામાં આવે અને જૂન પછી આંકડા જાહેર કરવામાં આવે. હવે આ મામલે સુપ્રીમકોર્ટે એસબીઆઈને આવતીકાલે જ વિગતો જાહેર કરવા આદેશ કરી દીધો છે. એટલે કે દેશની સૌથી મોટી બેન્કે ૧૨ તારીખે ચૂંટણી બોન્ડને લગતી તમામ વિગતો જાહેર કરવી પડશે. આ સાથે જ ચૂંટણીપંચને કહેવામાં આવ્યું કે ૧૫ માર્ચ સુધી તે આ વિગતો વેબસાઈટ પર અપલોડ કરે.સુનાવણી દરમિયાન સીજેઆઈના નેતૃત્વ હેઠળની બેન્ચે એસબીઆઈ દ્વારા ચૂંટણી બોન્ડ અંગેના આંકડાઓ જાહેર કરવામાં થઈ રહેલા વિલંબને લઈને સવાલો ઊઠાવ્યા હતા. તેમણે એસબીઆઈ વતી હાજર વકીલ હરીશ સાલ્વેને કહ્યું હતું કે જો તમે કહી રહ્યા છો કે અમારી પાસે આ કવરમાં તમામ વિગતો છે કે કોણે ખરીદયા છે અને કઈ રાજકીય પાર્ટીએ તેને રોકડમાં વટાવ્યાં છે તો પછી વિગતો જાહેર કેમ નથી કરતાં? કવર ઓપન કરો અને વિગતો આપો. આ દરમિયાન એસબીઆઈએ ત્રણ અઠવાડિયાનો સમય માગ્યો હતો જેના પર સુપ્રીમકોર્ટે સ્પષ્ટ કહી દીધું કે તમે કવર ઓપન કરો અને ચૂંટણી પંચને વિગતો આપો જેથી સૌની સામે આવી શકે.

સુનાવણી દરમિયાન એક સમયે સીજેઆઈએ એસબીઆઈના વકીલ હરીશ સાલ્વેને પૂછ્યું હતું કે અગાઉ અમે આ મામલે ૧૫ ફેબ્રુઆરીએ સુનાવણી કરી હતી તમને વિગતો જાહેર કરવા નિર્દેશ આપી દીધો હતો. હવે આપણે ૧૧ માર્ચે મળ્યાં છીએ. આ દરમિયાન ૨૬ દિવસ વીતી જવાં છતાં એસબીઆઈ દ્વારા અમારા નિર્દેશો પર શું કાર્યવાહી કરવામાં આવી તે જવાબ આપશો? તમે કોઈ કાર્યવાહી નથી કરી. એસબીઆઈએ કોઓપરેટ કરવાની જરૂર છે. નિર્દેશોનું પાલન કરવામાં આવે અને વિગતો જાહેર કરવામાં આવે. સુપ્રીમકોર્ટે કહ્યું કે અમારો આદેશ સ્પષ્ટ હતો. આ એક ગંભીર મામલો છે. સુપ્રીમકોર્ટે ચૂંટણી બોન્ડ મામલે સમય માગતી એસબીઆઈ બેંકનો ઉધડો લઈ નાખ્યો હતો. સુપ્રીમકોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે આ મામલે કલમ ૭નો ઉલ્લેખ કરતાં કહ્યું કે જ્યારે કોર્ટ દ્વારા એસબીઆઈને ચૂંટણી બોન્ડ ખરીદનારા અને તેને વટાવનારા રાજકીય પક્ષોની વિગતો જાહેર કરવાનું કહેવામાં આવે તો તેણે ફરજિયાતપણે આ વિગતો જાહેર કરવી જ પડે. આ મામલે જ્યારે સીજેઆઈ બગડ્યાં તો એસબીઆઈ વતી હરીશ સાલ્વેએ કહ્યું કે સમસ્યા એ છે કે અમે કોઈ ભૂલ નથી કરવા માગતા. ઉતાવળે આંકડા જાહેર કરવામાં ભૂલ થવાની શક્યતા છે. જો ભૂલ થશે તો આખા દેશમાં હોબાળો મચી જશે જેને અમે ટાળવા માગીએ છીએ. જેના જવાબમાં જસ્ટિસ ખન્નાએ કહ્યું કે તમારી પાસે કેવાયસી છે, તમે દેશની નંબર ૧ બેંક છો. તમે તેને મેનેજ કરી લેશો તેવી અમને આશા છે. ઓડિશાના મંત્રી રાણેન્દ્ર પ્રતાપે કહ્યું કે ચૂંટણી બોન્ડ યોજનાને સુપ્રીમકોર્ટ દ્વારા હવે રદ કરી દેવામાં આવી છે. આ દેશનું સૌથી મોટું કૌભાંડ છે. જ્યારે તેને લગતી વિગતો સામે આવશે તો આ દેશના ચૂંટણી ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ બની જશે.

સુપ્રીમકોર્ટે ચૂંટણી બોન્ડ મામલે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતાં કહ્યું હતું કે મોટી રકમના ડોનેશનને છુપાવવા એ ગેરબંધારણીય છે. સરકારને પૈસા ક્યાંથી મળે છે એ પણ સૌને જાણવાનો અધિકાર છે. ત્યારે સુપ્રીમકોર્ટે તેના આદેશમાં કહ્યું હતું કે ચૂંટણી બોન્ડ પર અમે રોક લગાવી રહ્યા છીએ. ચૂંટણી બોન્ડને આરટીઆઈ એક્ટનું ઉલ્લંઘન ગણાવતાં સુપ્રીમકોર્ટે એસબીઆઈને પણ આદેશ આપ્યો હતો કે તે આગામી ત્રણ અઠવાડિયામાં ચૂંટણી બોન્ડને લગતી તમામ જાણકારી જાહેર કર. તેના માટે ૬ માર્ચ સુધીનો સમય આપવામાં આવ્યો હતો. એસબીઆઈએ ૨૦૧૯થી અત્યાર સુધીની તમામ જાણકારી જાહેર કરવા કહેવામાં આવ્યું છે. જોકે એસબીઆઈએ આ મામલે જૂન સુધીનો સમય માગતા આંકડા જાહેર નહોતા કર્યા. હવે આ મામલે સુપ્રીમકોર્ટમાં સુનાવણી થઈ હતી.

### આસિફ અલી ઝરદારીની પુત્રી છે આસિફા ભુટ્ટો

# આસિફા ભુટ્ટો ઝરદારીને ઔપચારિક રીતે દેશની પ્રથમ મહિલા તરીકે માન્યતા

## સામાન્ય રીતે પ્રથમ મહિલાનું બિરુદ રાષ્ટ્રપતિની પત્નીને અપાય છે પરંતુ પાકિસ્તાનમાં આ પહેલીવાર બનશે

ઈસ્લામાબાદ, તા.૧૧

ફર્સ્ટ લેડીનું નામ સાંભળતા જ મગજમાં એક જ વાત આવે છે કે તે રાષ્ટ્રપતિની પત્ની છે. પરંતુ પાકિસ્તાનમાં હવે આ પદ રાષ્ટ્રપતિની પુત્રીને આપવામાં આવી રહ્યું છે. દેશના નવનિયુક્ત રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ તેમની પુત્રી આસિફા ભુટ્ટો ઝરદારીને દેશની પ્રથમ મહિલા તરીકે ઔપચારિક માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય રીતે પ્રથમ મહિલાનું બિરુદ રાષ્ટ્રપતિની પત્નીને જ આપવામાં આવે છે.પાકિસ્તાનના રાજકીય ઈતિહાસમાં આવું પહેલીવાર બનશે જ્યારે દેશના રાષ્ટ્રપતિએ પ્રથમ મહિલા પદ માટે પોતાની પુત્રીના નામની જાહેરાત કરવાનો નિર્ણય લીધો હોય. ઝરદારીના આ નિર્ણયે તેમની પુત્રી આસિફાને ફર્સ્ટ લેડીના પ્રતિષ્ઠિત પદ સુધી પહોંચાડી છે.આ સાથે તે પ્રથમ મહિલા બનનારી રાષ્ટ્રપતિની પ્રથમ પુત્રી હશે. એવું કહેવામાં આવી રહ્યું છે ઓફિશિયલ જાહેરાત પછી આસિફા ભુટ્ટો ઝરદારીને પ્રથમ મહિલા મુજબ પ્રોટોકોલ અને વિશેષાધિકારો આપવામાં આવશે.આસિફા ભુટ્ટો ઝરદારીનો જન્મ ૩ ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ પાકિસ્તાનમાં થયો હતો. તેમણે ૨૫ વર્ષની ઉંમરે પ્રથમ વખત સામાન્ય ચૂંટણી લડી હતી. તે પાકિસ્તાનની પ્રથમ બાળકી હતી જેને પોલિયોની રસી આપવામાં આવી હતી. આસિફા ત્રણ ભાઈ-બહેનોમાં સૌથી નાની છે. તેણે બ્રિટનમાં અભ્યાસ કર્યો છે. તાજેતરમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં, તે તેના ભાઈ બિલાવલના સમર્થનમાં ઘણી રેલીઓમાં જોવા મળી હતી.રવિવારે ૧૦ માર્ચે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) ના સહ-અધ્યક્ષ આસિફ ઝરદારીએ પાકિસ્તાનના ૧૪મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા અને બીજી વખત પદ સંભાળ્યું. ખાસ વાત એ છે કે સૈન્ય વડાઓ સિવાય ઝરદારી પાકિસ્તાનના એકમાત્ર નાગરિક ઉમેદવાર છે જે બીજી વખત રાજ્યના વડા તરીકે ચૂંટાયા છે. આ પહેલા તેઓ ૨૦૦૮ થી ૨૦૧૩ સુધી પાકિસ્તાનના રાષ્ટ્રપતિ રહ્યા હતા.

### નારોલથી સરખેજનો રોડ બનશે સિક્સ લેન

# PM મોદી ગુજરાતના ૧૫૭૫ કરોડના ધોરી માર્ગનું ખાતમુહૂર્ત કરશે

## આ જાહેરાત સાથે સાબરમતી નદી પરનો શાસ્ત્રી બ્રિજ ૮ લેનનો કરાશેઃ ગાવડકા-બગસરા હાઈવે પણ ૧૦ મીટર પહોળો કરાશે

અમદાવાદ, તા.૧૧

વડાપ્રધાન મોદી ગાંધીનગર અને અમદાવાદમાં વિકાસકામોનું ખાતમુહૂર્ત થશે. વડાપ્રધાન મોદી આજે કરોડોના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવાના છે. ગુજરાતના ૧૫૭૫ કરોડના ધોરી માર્ગનું ખાતમુહૂર્ત કરશે. આ જાહેરાત પછી નારોલથી સરખેજ સુધી ૬ લેન રોડ એલિવેટેડ કોરિડોરનું ખાતમુહૂર્ત થશે. આ જાહેરાત સાથે સાબરમતી નદી પરનો શાસ્ત્રી બ્રિજ ૮ લેનનો કરાશે. ગાવડકા-બગસરા હાઈવે પણ ૧૦ મીટર પહોળો કરાશે. ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે કાર્યક્રમ યોજાશે.મહત્વનુંછે કે પીએમ મોદી આજે ઐતિહાસિક દ્વારકા એક્સપ્રેસ વેના હરિયાણા સેક્શનનું ઉદ્‌ઘાટન કરશે. આનાથી NH-૪૮ પર દિલ્હી અને ગુરુગ્રામ વચ્ચેના ટ્રાફિકને સરળ બનાવવામાં અને ભીડ ઘટાડવામાં મદદ મળશે.આઠ લેનવાળા દ્વારકા એક્સપ્રેસ વેના ૧૯ કિલોમીટર લાંબા હરિયાણા સેક્શનનું નિર્માણ અંદાજે ૪,૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે. આ મુજબ, તે દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટ અને ગુરુગ્રામ બાયપાસને પણ સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ સિવાય PM મોદી જે અન્ય મોટા પ્રોજેક્ટ્‌સનું ઉદ્‌ઘાટન કરશે તેમાં દિલ્હીના નાંગલોઈ-નજફગઢ રોડથી સેક્ટર ૨૪ દ્વારકા સેક્શન સુધી ૯.૬ કિમી લાંબા સિક્સ લેન અર્બન એક્સટેન્શન રોડ-IIનો સમાવેશ થાય છે.આ મુજબ પીએમ મોદી ઉત્તર પ્રદેશમાં લગભગ ૪,૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત લખનૌ રિંગ રોડના ત્રણ વિભાગ અને આંધ્ર પ્રદેશમાં લગભગ ૨,૯૫૦ કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત નેશનલ હાઈવે-૧૬ના આનંદપુરમ-પેંદુર્થી-અનાકાપલ્લે સેક્શનનું ઉદ્‌ઘાટન કરશે.

### પતિ-પત્નીના ઝઘડામાં દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો

# ભાવનગરમાં વિવો કંપનીના મોબાઈલમાં બ્લાસ્ટ થયો

## બ્લાસ્ટની દુર્ઘટનાને પગલે યુવાન ગંભીરપણે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે

ભાવનગર, તા.૧૧

ભાવનગરમાં વિવો કંપનીના મોબાઈલમાં બ્લાસ્ટ થવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં પાનના ગલ્લા પર ઉભેલ વ્યક્તિને ઈજા પંહોચી છે. ભાંગલીગેટ વિસ્તારમાં પાનના ગલ્લા ઉપર એક વ્યક્તિ પાસે વિવો કંપનીનો મોબાઈલ હતો. અચાનક આ વ્યક્તિના વિવો કંપનીના મોબાઈલમાં બ્લાસ્ટ થતા તે યુવાન ગંભીરપણે ઈજાગ્રસ્ત થયો. વિવો કંપનીના મોબાઈલ બ્લાસ્ટ થવાની દુર્ઘટનામાં સંજય રાજાઈ નામનો વ્યક્તિને ગંભીર ઈજા પંહોચી. આ યુવાનને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ છે.

ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરમાં ભાંગલીગેટ વિસ્તારમાં પાનના ગલ્લા પર મોબાઈલ બ્લાસ્ટની દુર્ઘટના બની. પાનના ગલ્લા પર એક યુવાનના ખિસ્સામાં વિવો કંપનીનો મોબાઈલ હતો. CCTVમાં સમગ્ર ઘટના કેદ થઈ છે. CCTV ફૂટેજમાં દેખાય છે કે પાનના ગલ્લા પર બે યુવાનો ઉભા છે. બંને યુવાનો પાનના ગલ્લાવાળા ભાઈ જોડે વાતચીત કરી રહ્યા છે. દરમ્યાન બ્લુ ટી-શર્ટ પહેરેલ યુવાનના ખિસ્સામાં તણખા જેવું દેખાય છે અને યુવાન દાઝી જતા પાનના ગલ્લાથી થોડે દૂર ભાગે છે. ત્યારબાદ મોબાઈલ બ્લાસ્ટ થવાનું સામે આવતા બીજો યુવાન અને અન્ય લોકો પણ સંજય રાજાઈ નામના યુવાનની પાછળ ભાગે છે. અને આગ ઓલવવા પ્રયાસ કરે છે. લોકોના પ્રયાસથી મોબાઈલ બ્લાસ્ટ થવાની દુર્ઘટના પર અંકુશ મેળવવા પ્રયાસ કરાયો. દરમ્યાન બ્લાસ્ટની દુર્ઘટનાને પગલે સંજય રાજાઈ નામના યુવાન ગંભીરપણે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. સમગ્ર ઘટનામાં વિવો કંપનીનો મોબાઈલ અચાનક બ્લાસ્ટ થયાનું સામે આવ્યું છે. આ

### ગુજરાતીઓ પર મોંઘવારીનો વધુ એક માર

# શાકભાજીના ભાવ વધતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

## શાકભાજીની આવક ઘટતાં બજારમાં ભાવ વધારો

વડોદરા, તા.૧૧

ફૂલગુલાબી ઠંડીની ઋતુએ વિદાય લેતા જ ઉનાળાનું આગમન થયું છે. ઉનાળાના આગમન સાથે જ શાકભાજીના ભાવમાં પણ વધારો નોંધાયો છે. જેમાં સૌથી પહેલા તો લીંબુના ભાવ હાલ આસમાને પહોંચ્યા છે. ઉનાળાની મોસમમાં લીંબું શરબત ખૂબ પીવાય છે, ત્યારે ઉનાળાના આગમન પહેલા જ લીંબુ મોંઘા બન્યા છે.

ઉનાળાની શરૂઆત થવાની સાથે જ શાકભાજીના ભાવો બમણો વધારો થતાં ગૃહીણીઓનું બજેટ પણ ખોરવાયું છે. એક માસ પહેલા અને હાલના ભાવોમાં ઘણા શાકભાજીના ભાવો ૫૦ ટકાથી વધુ ઉછળ્યા છે. શાકભાજી ખરીદવામાં પણ ગૃહિણીઓ અસમંજસ અનુભવી રહી હોવાનું જણાય છે. મહિનાનો શાકભાજી ખરીદવાનો જે ખર્ચ થતો હતો તે હવે ૧૫ થી ૨૦ દિવસમાં જ થઈ જતા ગૃહીણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું છે. હજુ જેમ ઉનાળો આકરો બનશે તેમ ભાવમાં વધુ ઊંચકાવાની શક્યતા છે.મહત્વનું છે કે ઉનાળાની શરૂઆત થતાં જ ડુંગળી-લસણના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. ત્યારે હવે લીંબુના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. લીંબુના ભાવમાં વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. મળતી વિગતો અનુસાર રિટેલ માર્કેટમાં લીંબુ ૨૦૦ રૂ. કિલોના ભાવે વેચાય છે. ઉલ્લેખનીય છે કે ગરમીમાં લોકો લીંબુનો સૌથી વધુ ઉપયોગ કરતાં હોય છે. જેને પગલે લીંબુના ભાવ ઘટે તેવી ગ્રાહકોએ માંગ કરી છે.ઉનાળાના આગમન સાથે કાળઝાળ ગરમીમાંથી લોકો ધીરે ધીરે અકળાઈ રહ્યા છે. ત્યારે શાકભાજીના ભાવોમાં ૫૦ ટકાનો વધારો થતાં ગૃહિણી ચિંતામાં મુકાઈ છે. હજુ તો ઉનાળાની શરૂઆત જ થઈ છે. ત્યાં શિયાળાની સરખામણીમાં શાકભાજીના ભાવો ડબલ થઈ ગયા છે. શિયાળાની સમાપ્તિને કારણે શાકભાજીના પાકમાં ઉત્પાદન ઘટ્યું છે. ઉત્પાદન ઘટતાની સાથે જ ભાવોમાં પણ ૪૦થી ૫૦ ટકા જેટલો વધારો નોધાયો છે. ઉનાળાની શરૂઆતમાં જ સિંચાઈના પાણીની તંગી સર્જાતા જેની સીધી અસર પાકો પર પડી છે. શાકભાજીના પાકોમાં નોંધ પાત્ર ઘટાડો થતાં શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે.

ગરમીની શરૂઆતમાં જ શાકભાજીના ભાવ વધી રહ્યા છે. ત્યારે આવનારા સમયમાં ગરમીનું પ્રમાણ વધશે તો શાકભાજીના ભાવો આમ પ્રજાને દઝાડશે તેવી ભીતિ સેવાઈ રહી છે

### ગુજરાત સરકાર દ્વારા વધુ એક નિર્ણય લેવામાં આવ્યો

# સગર્ભા મહિલાઓને ૧૫૦૦૦ની સહાય જાહેર કરવામાં આવી

## ગુજરાતમાં દર વર્ષે ૭૦૦ જેટલી સગર્ભાઓના ડિલિવરી દરમિયાન થતા મૃત્યુના કિસ્સાઓ અટકાવવા સરકારે આ પ્રયાસ કર્યો છે

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સગર્ભા મહિલાઓની મોતનો આંકડો વધી રહ્યો છે. યોગ્ય સમયે સારવારના અભાવે તો ક્યારેક આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે પ્રોપર સારવાર ન મળવાને કારણે સગર્ભા મહિલાઓ સામે મોતનું જોખમ તોળાઈ રહ્યું છે. આ સ્થિતિમાં સુધારો લાવવા માટે ગુજરાત સરકાર દ્વારા લાવામાં આવ્યો મહત્ત્વનો નિર્ણય.

રાજ્યમાં દર વર્ષે ૧ લાખ ડિલિવરીએ ૫૭ માતાઓના મૃત્યુની ઘટના બને છે. જેમાંથી મોટાભાગના કિસ્સાઓમાં હાઈરિસ્ક માતાઓના ડિલિવરી દરમિયાન મૃત્યુની ઘટના હોય છે. ગુજરાતમાં દર વર્ષે ૭૦૦ જેટલી સગર્ભાઓના ડિલિવરી દરમિયાન થતા મૃત્યુના કિસ્સાઓ અટકાવવા સરકારે આ પ્રયાસ કર્યો છે. હાઈરિસ્ક સગર્ભા મહિલાઓને એવી હોસ્પિટલમાં દાખલ કરાશે કે જ્યાં કાર્ડિયાક સેન્ટર હોય, કિડની સેન્ટર હોય, બ્લડ બેંક હોય, સ્પેશિયલ ન્યૂ બોર્ન બેબી કેર સેન્ટર હોય તેવી સ્પેશિયાલિટી ધરાવતી હોસ્પિટલમાં દાખલ કરવા આયોજન કરાયું છે. ગુજરાતમાં દર વર્ષે ૭૦૦ જેટલી સગર્ભા માતાઓના ડિલિવરી દરમિયાન મૃત્યુની ઘટના બને છે ત્યારે આ પ્રકારની ઘટના અટકાવવા પ્રયત્નશીલ રાજ્ય સરકાર દ્વારા આગામી ૧લી એપ્રિલથી નવતર યોજના અમલમાં મુકવામાં આવી રહી છે. હાઈરિસ્ક સગર્ભા માતાને ડિલિવરીના સાત દિવસ પહેલાં અને ડિલિવરીના સાત દિવસ બાદ તમામ પ્રકારની સ્પેશિયાલિટી ધરાવતી હોસ્પિટલમાં દાખલ કરાશે અને આ સમય દરમિયાન સગર્ભા માતાને પોષણક્ષમ ખોરાક, સારી સારવાર તથા રૂ.૧૫ હજારની સહાય પણ સરકાર દ્વારા ચૂકવવામાં આવશે. આ પ્રકારનો નવતર પ્રયોગ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. સરકાર દ્વારા હોસ્પિટલમાં દાખલ થનાર સગર્ભા મહિલાના બેંક ખાતામાં ડિલિવરી પહેલાં રૂ.૮ હજાર જમા કરાવવામાં આવશે અને ડિલિવરી બાદ રૂ.૭ હજાર તેમના બેંક ખાતામાં જમા કરાશે.આ સહાય આપવા પાછળ સરકારનો હેતુ મહિલાને થતી મજૂરીના નુકસાનની ચિંતામાંથી મુક્તિ અપાવવાનો છે.

યોજનાના અમલીકરણથી ડેથ રેશિયો ૩૦થી ૩૫ ટકા ઘટવાની આશા સરકાર દ્વારા સેવાઈ રહી છે. સગર્ભાના જીવ બચાવવા સારવાર સાથે સહાય આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય રાજ્યમાં દર વર્ષે થાય છે એવરેજ ૭૦૦ સગર્ભાનાં મોત : મૃત્યુની ઘટના અટકાવવા ૧લી એપ્રિલથી સરકારની નવી યોજના અમલી કરવા જોઈ રહી છે. આ યોજના અંતર્ગત જોખમી સગર્ભાઓને ૧૫ દિવસ દાખલ રાખી અપાશે રૂ.૧૫ હજાર સહાય અપાશે

ગુજરાત સરકારે ૧લી એપ્રિલથી હાઈરિસ્ક માતાઓ જેવી કે જેમના વજન ઓછા હોય, ઉંમર વધુ હોય, ૬થી ૭ ડિલિવરી થઈ ચૂકી હોય, ૨થી ૩ સિઝેરિયન થયા હોય, એનિમિક હોય તેની ઓળખ કરી તેમને ડિલિવરીના સાત દિવસ પહેલાં જ સ્પેશિયાલિટી સારવાર કરતી હોસ્પિટલમાં દાખલ કરી દેવામાં આવશે અને ડિલિવરીના સાત દિવસ બાદ સુધી હોસ્પિટલમાં રખાશે. સામાન્ય રીતે હાઈરિસ્ક સગર્ભા માતાઓના મૃત્યુ ડિલિવરી પછીના સાત દિવસમાં થતા હોય તેમને ડિલિવરી બાદ વધુમાં વધુ પોષણક્ષમ ખોરાક મળે, સારામાં સારી સારવાર અને દવાઓ મળે અને તે જલ્દીથી સ્વસ્થ બને તેવો સરકારનો હેતુ છે.

આ યોજનાના અમલીકરણથી ગુજરાતમાં સગર્ભા માતાના મૃત્યુદરમાં ૩૦થી ૩૫ ટકાનો ઘટાડો થશે એટલે કે ૨૦૦થી ૨૫૦ જેટલી સગર્ભા માતાને બચાવી લેવાશે તેવો સરકારનો અંદાજ છે.

# બાબરામાં તાપડીયા આશ્રમમાં પુજય ઘનશ્યામદાસબાપુની નિશ્રામાં બ્રહ્મચોરાસી યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સાવરકુંડલા તાલુકાને સુંદર અને રળિયામણા તેમજ સુવિદાઓ બનાવવાનાં અભિગમને સાર્થક કરવા ધારાસભ્ય મહેશ કસવાળાએ ૨ કરોડ ૬૭ લાખ ખર્ચે બનેલ કામનું લોકાર્પણ કર્યુ ધારાસભ્ય કસવાળાએ જનતા જનાર્દનમાં એક આગવી ઓળખ કામ કરતા જન પ્રતિનિધિની ઉભી કરી છે. જેમાં સાવરકુંડલા તાલુકામાં ૩૦–૩૦ લાખ ખર્ચ બનેલ થોરડી, લીખાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૭ લાખ ખર્ચ બનેલ ગ્રામ પંચાયપ ૨ કરોડ ખર્ચ બનેલ ખોડીયાણા ગામે ધાતરવડી બ્રિજનું લોકાર્પણ કર્યુ. આ લોકાર્પણ કાર્યક્રમ તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, તાલુકા ભાજપ મહામંત્રી નીતિનભાઈ નગદીયા, ચેતનભાઈ માલાણી, અમરેલી જિલ્લા પંચાયત સિચાઈ, પશુપાલન અને સહકાર ચેરમેનના પ્રતીનધિ લાલજીભાઈ મોર, જિલ્લા પંચાયતના સદસ્ય શરદભાઈ ગોદાણી, સાવરકુંડલા યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા સાવરકુંડલા તાલુકા સરપંચના પ્રમુખ હિતેશ ખાત્રાણી, સાવરકુંડલા તાલુકા પંચાયતના સદસ્ય પ્રફુલભાઈ વેકીરયા, લલીતભાઈ બાલધા, મનુભાઈ ડાવરા, તાલુકા યુવા ભાજપના પ્રમુખ મહેશભાઈ ભાલાળા, મહામંત્રી શૈલેષ બારૈયા, મેરીયાના સરપંચ હિતેશભાઈ ખાતરાણી, બાબભાઈ માલાણી, લીંખાળા સરપંચ મનસુખભાઈ સાવલિયા, ઉપસરપંચ ગૌતમભાઈ ખુમાણ, નિલેશભાઈ કચ્છી, સાવરકુંડલા યાર્ડના ડિરેકટર દિલભજીભાઈ કોઠીયા, અતુલભાઈ રાદડિયા, તાલુકા યુવા ભાજપ સંજયભાઈ બરવાળીયા સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા આ સમગ્ર લોકાર્પણ ધારાસભ્ય કસવાળાએ વિકાસનાં લક્ષના અભિગમની કેડી કંડારી હોવાનું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## બાબાપુર : પોસ્ટકર્મી અરવિંદભાઈ વંડા વયમર્યાદાથી નિવૃત્ત



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા. ૧૧

પોસ્ટ કર્મી અરવિંદભાઈ વંડા વયમર્યાદાથી નિવૃત થતાં તેમને શુભેચ્છા પાઠવવાનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સબ પોસ્ટ માસ્તર હિતેશસર બાબાપુરનાં પુર્વ આચાર્ય અતુલ ભંડારીયા, બીપીએમ હિતેશભાઈ વિગેરે ઉપસ્થિત રહયા હતા.

## ચાંદગઢમાં આજે શ્રી રાજબાઈ માતાજીનો પ્રાગટોત્સવ ઉજવાશે

અમરેલી, તા. ૧૧

આવતી કાલે ફાગણ સુદ ૨ ને મંગળવારના રોજ ચાંદાઢ ગામે બીરાજતા આઈ રાજબાઈ માતાજીનો પ્રાગટય દિવસ તા. ૧૨/૦૩/૨૦૨૪ ને મંગળવારના રોજ ઉજવાશે. આખો દિવસ ભજન ધૂન સંતવાણી સહિતના ધાર્મિક કાર્યક્રમો ઉજવાશે. સાથો સાથ ગામના તમામ બાળકોને બટુક ભોજન કરાવવામાં આવશે. આ રાજબાઈ માતાજી જોષી પરિવાર લીલીયા મોટાના કુળદેવી છે તેમ પૂજારી રમેશભાઈ તેરૈયા તથા પત્રકાર ગીરીશભાઈ ઠાકરની સંયુકત યાદીમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૬૫૦ |
| ૨ | ઘઉં | ૪૬૯ | ૫૩૧ |
| ૩ | ચણા | ૧૦૫૩ | ૧૦૮૭ |
| ૪ | જીરૂ | ૪૨૫૫ | ૫૩૨૫ |
| ૫ | ધાણા | ૧૧૩૫ | ૧૮૨૫ |
| ૬ | મેથી | ૧૦૮૦ | ૧૨૧૦ |
| ૭ | રાઈ | ૯૭૦ | ૧૧૨૦ |
| ૮ | તુવેર | ૧૫૪૦ | ૧૮૮૦ |
| ૯ | મગફળી | ૧૧૬૦ | ૧૨૩૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૩૩ | ૧૨૪૯ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૩૨૭ |
| ૩ | શિંગદાણા | ૧૩૨૦ | ૧૪૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૬૦ | ૨૯૭૧ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૧૫૦ | ૪૧૫૦ |
| ૬ | બાજરો | ૩૦૦ | ૪૬૫ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૧૪ | ૬૬૮ |
| ૮ | ઘઉં લોકવન | ૪૧૮ | ૫૬૫ |
| ૯ | ચણા | ૯૭૬ | ૧૦૯૨ |
| ૧૦ | ચણા દેશી | ૧૩૯૫ | ૧૪૯૦ |
| ૧૧ | તુવેર | ૧૨૦૦ | ૧૯૬૦ |
| ૧૨ | કપાસ | ૧૦૭૦ | ૧૬૨૬ |
| ૧૩ | એરંડા | ૧૦૪૮ | ૧૧૦૨ |
| ૧૪ | જીરૂ | ૩૪૩૦ | ૫૬૫૦ |
| ૧૫ | રાયડો | ૮૬૫ | ૯૧૧ |
| ૧૬ | રાય | ૧૦૦૦ | ૧૨૧૨ |
| ૧૭ | ધાણા | ૧૧૦૦ | ૨૦૧૫ |
| ૧૮ | ધાણી | ૧૩૯૦ | ૨૭૩૦ |
| ૧૯ | અજમા | ૧૦૩૦ | ૩૦૪૦ |
| ૨૦ | મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨૧ | સોયાબીન | ૮૧૭ | ૮૩૪ |
| ૨૨ | મરચા લાંબા | ૯૯૦ | ૫૫૫૦ |
| ૨૩ | સુવાદાણા | ૧૫૧૦ | ૧૫૧૦ |

## બાઈકમાં સાથે રાખીને અમરેલીનાં સેવાભાવી યુવક ગરીબ બાળકોને કરે છે ચંપલ વિતરણ

### શકિતગૃપ દ્વારા અનેરૂ સેવા કાર્ય



અમરેલી, તા. ૧૧

અમરેલીમાં શક્તિ ગ્રુપ યુવાનો અશોક વાળા તેની સાથે બાઈકમા ચંપલ રાખે છે અને શહેરના બપોરે નાં સમયે ફરી નાના મોટા જરૂરિયાતમંદ ને ચંપલ આપે છે અમરેલી માં શક્તિ ગ્રુપ સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે આ ગ્રુપ દ્વારા શહેરમાં શિયાળામાં ઠંડી માં ગરમ કપડાં નું પણ વિતરણ કરે છે અહીં જરૂરિયાતમંદ સુધી ગરમ ધાબળા પહોંચાડી મદદ કરવામાં આવી હતી હવે ઉનાળામાં કાળઝાળ ગરમી અને તાપમાન વચ્ચે જરૂરીયાતમંદ બાળકો ને ચંપલ વિતરણ કરવામાં આવી રહ્યો છે.

આ ગ્રુપ ના યુવાનો બાઈક પર ફરી જરૂરીયાતમંદ બાળકો ને ચંપલ વિતરણ કરી રહ્યા છે પ્રમુખ ગૌતમભાઈ વાળા નાં માર્ગદર્શન હેઠળ સેવા કાર્ય થાય છે પરેશ પરમાર સહિત યુવાનો સાથે સેવા કાર્ય જોડાયા છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં માણેકપરામાં ભવાની ચોકમાં**

ના સવારના ૧૧ના સમય દરમ્યાન ધારી તાલુકાના વિરપુર ગઢીયા ગામે આવેલ ફાર્મ હાઉસે ગયેલ હતા. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમના મકાનનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી રૂમના કબાટની તિજોરીમાં રાખેલ કન્સ્ટ્રકશનના ધંધાના તથા તેમની પત્નીના બચતના મળીને કુલ રોકડ રૂપિયા ૧,૯૬,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા વધુ તપાસ હાથ ધરી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૩ | ૧૫૬૭ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૦ | ૧૫૩૧ |
| ૨ | મગફળી | ૧૧૯૦ | ૧૪૦૦ |
| ૩ | ઘઉં | ૩૯૯ | ૫૧૬ |
| ૪ | ચણા | ૧૦૪૧ | ૧૦૭૩ |
| ૫ | તુવેર | ૧૭૦૦ | ૧૮૯૫ |
| ૬ | ધાણા | ૧૦૧૦ | ૧૬૨૬ |
| ૭ | રાઈ | ૮૫૧ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૨૮૭ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૭૦૦ |
| ૩ | જીરૂ | ૪૧૦૦ | ૫૬૦૦ |
| ૪ | કપાસ | ૧૩૫૧ | ૧૬૪૧ |
| ૫ | ઘઉં લોકવન | ૪૨૧ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૪૦ |
| ૭ | બાજરો | ૪૭૫ | ૫૩૧ |
| ૮ | જુવાર | ૬૭૦ | ૮૩૬ |
| ૯ | મગ | ૧૧૦૧ | – |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | – |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | ૧૬૦૧ |
| ૧૨ | ચણા | ૧૦૩૦ | ૧૧૩૫ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ૧૪ | તુવેર | ૧૪૮૦ | ૧૯૦૦ |
| ૧૫ | એરંડી | ૧૦૫૦ | ૧૧૦૨ |
| ૧૬ | મેથી | ૧૦૦૦ | ૧૨૨૪ |
| ૧૭ | ધાણા | ૧૪૦૧ | ૨૫૮૧ |

પાના ૧ ઉપરનું ચાલું **ખાંભાનાં ગીદરડીમાં ઉનાળાનાં પ્રારંભે**

લોકસભાની ચૂંટણીમાં જો પાણી નહીં મળે તો મતદાન કરવાના નથી તેઓ નિર્ણય લીધો છે. ગ્રામજનોની એક જ માંગ છે ચૂંટાયેલા નેતાઓ અને અધિકારી વહેલીતકે ગામને નર્મદાના પાણી આપે.

ખાંભા ગીરનું ગીદરડી ગામ આ ગામ ધારી–બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાના મત વિસ્તારનું ગામ છે. દર વર્ષે રાજનેતાઓ ચૂંટણી સમયે પાણી મુદ્દે લોલીપોપ આપીને ચાલ્યા જાય છે. ત્યારે આ ગામમાં પાણીની દર વર્ષે અછત સર્જાય છે. જંગલ વિસ્તાર હોવાને કારણે વન્ય પ્રાણીઓનો પણ આ વિસ્તારમાં મોટો વસવાટ છે ત્યારે ગ્રામજનોને પાણી ભરવા વાડી વિસ્તારમાં જવું પડે છે વન્ય પ્રાણીઓના ડર વચ્ચે. ત્યારે આ વર્ષે ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરી અને રાજનેતાઓ ગામમાં પ્રવેશે તો તેમનો પ્રચંડ વિરોધ કરવાનો ગ્રામજનોએ નિર્ણય લીધો છે.

ગીદરડી ગામના સરપંચ દ્વારા પાણી માટે અનેક પ્રકારના પ્રયાસો કર્યા છે પરંતુ આ વિસ્તારમાં પાણીનું સ્તર ઊંડું હોવાને કારણે નિષ્ફળતા મળી છે. અવારનવાર પાણી મુદ્દે તંત્ર અને રાજનેતાઓને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરી ચૂકયા છે પરંતુ આજ દિવસ સુધી પાણીની મુશ્કેલીમાંથી છુટકારો અપાવ્યો નથી. તેના કારણે ગામમાં લોકસભાની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

પાના ૮ ઉપરનું ચાલું **હામાપુરનાં બસ સ્ટેન્ડથી**

માટે જ લાયસન્સધારક વાપરી શકતા હોય અને ટેન્કરને કોઈ સીલ કરેલ ન હોય તેમજ કોઈ અગ્નિશામક સાધન સામગ્રી સાથે રાખેલ ન હોય જેથી પોલીસે કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ બનાવમાં જેતપુર તાલુકાના વિરપુર (જલારામ) ગામે હુડકો સોસાયટી, જેતપુર રોડ, બસ સ્ટેન્ડ પાસે રહેતા આરોપી કાંતીલાલ ગોવિંદભાઈ દલસાણીયા તથા કનકરાય ઉર્ફે કાનો કાંતીલાલ દલસાણીયાએ પોતાના હવાલાવાળા ટેન્કર (લોડીંગ વાહન) નં. જી.જે.–૦૩ બીડબલ્યુ ૮૯૬૪ માં ગેરકાયદેસર રીતે સંગ્રહ કે વેચાણ કરવા માટે કોઈ લાયસન્સ કે પાસ–પરમીટ કે ટેન્કરને શીલ કર્યા વગર તેમજ કોઈ અગ્નિશામક સાધન સામગ્રી સાથે રાખ્યા વગર કથિત બાયોડીઝલ (પેટ્રોલીયમ પદાર્થ મિશ્રીત જવલનશીલ પ્રવાહી) નો જથ્થો રાખી, આ કથિત બાયોડીઝલ (પેટ્રોલીયમ પદાર્થ મિશ્રીત જવલનશીલ પ્રવાહી) માત્ર ઈન્ડસ્ટ્રીયલ હેતુ માટે ઉપયોગ કરવામાં આવતું હોય તેમ જાણવા છતાં આ જથ્થો આરોપી દિપભાઈ હસમુખભાઈ સાદરાણી (રહે. જુનાગઢ ) પાસેથી મેળવી અને આરોપી રશ્મીનભાઈ ઉર્ફે લાલભાઈ ધીરૂભાઈ કોટેચા (રહે. જુનાગઢ) એ ગેરકાયદે રીતે મંગાવી આર્થિક લાભ મેળવવા ઈરાદે વાહનોમાં ઈંધણ તરીકે ઉપયોગ માટે છુટક વેચાણ કરવાના હેતુથી સંગ્રહ કરી જાહેર સ્થળે હવાને દુષિત કરવાનું કૃત્ય કરી, વાહનમાં હેરફેર દરમ્યાન કથિત બાયોડીઝલ (પેટ્રોલીયમ પદાર્થ મિશ્રીત જવલનશીલ પ્રવાહી) આશરે ૧૪,૦૦૦ લીટર જેની કિંમત રૂપિયા ૯,૮૦,૦૦૦ તથા ટેન્કરની કિંમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૧૦,૫૦૦ તથા ટેકસ ઈનવોઈસ અને ઈવે.બીલની નકલની મળી કુલ કિં. રૂા. ૨૨,૯૦,૫૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી કાંતીલાલ ગોવિંદભાઈ દલસાણીયા તથા કનકરાય ઉર્ફે કાનો કાંતીલાલ દલસાણીયા પકડાઈ જઈ તેમજ અન્ય બે આરોપી હાજર નહી મળી આવી આવતાં પોલીસે તેમની શોધખોળ આદરી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૬૦૫ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૩ | ચણા | ૧૦૪૫ | ૧૦૮૨ |
| ૪ | જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | બાજરો | ૪૮૨ | ૪૮૨ |
| ૬ | ઘઉં | ૪૩૦ | ૫૫૩ |
| ૭ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૮ | ધાણા | ૧૨૦૦ | ૧૫૭૧ |
| ૯ | તુવેર | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૧૦ | જીરૂ | ૪૮૦૦ | ૪૮૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૧૮ |
| ૨ | ચણા | ૯૫૭ | ૧૦૭૬ |
| ૩ | ચણા સફેદ | ૧૦૩૫ | ૧૫૨૭ |
| ૪ | રાયડો | ૮૦૦ | ૮૨૫ |
| ૫ | ધાણા | ૯૦૦ | ૧૫૯૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૯૧ | ૪૯૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૩ | ૫૨૧ |
| ૮ | તુવેર | ૧૩૮૦ | ૧૭૭૫ |
| ૯ | મેથી | ૬૮૦ | ૮૦૦ |
| ૧૦ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૪૩૫ |
| ૧૧ | મગફળી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૧૨ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૧૩ | અજમા | ૨૦૦૦ | ૨૧૦૦ |
| ૧૪ | સોયાબીન | ૭૭૫ | ૮૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **તપોવન આશ્રમનું લોકાર્પણ સંપન્ન**

નિવડે તેવી મંગલ શુભકામના. સારહિ યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશ સંઘાણીના સંકલ્પરૂપ તપોવન આશ્રમનું લોકાર્પણ કરતા લોકસંત પૂ. મોરારીબાપુએ જણાવ્યુ હતુ. તેઓએ વધુમાં જણાવેલ કે સેવા કાર્યમાં અભાવ પેદા ન થાય અને ભાવપુર્વક જીવન વ્યતીત થાય તેવી શુભ સુવિધા ઉપલબ્ધી બદલ પોતાનો રાજીપો વ્યકત કર્યો હતો.

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ હતુ કે, દિવસે દિવસે કુટુંબ વ્યવસ્થા ભાંગતી જાય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં બુજર્ગને ભોજન કરાવી શકે તેવુ કોઈ રહયુ નથી તેવા ટાઈમે વૃધ્ધ લોકોની સંભાળ લેવાનું ઉમદા કાર્ય મુકેશ સંઘાણીએ કર્યુ છે તે બદલ તેમને અને તેમની સારહિ ટીમને અભિનંદન. આશ્રમ નિર્માણનું કામ અઘરૂ છે તેનાથી પણ અઘરૂ તેને ચલાવવાનું છે પરંતુ આ બન્ને પડકારોને મુકેશ સંઘાણીએ કુનેહપુર્વક પાર પાડયા છે તે અભિનંદનને પાત્ર છે.

આ અવસરે રાષ્ટ્રીય સહકારી અગ્રણી–પુર્વ કેબીનેટ મંત્રી દિલીપ સંઘાણીએ જણાવેલ કે, સમાજને નવી દિશા આપે તેવુ નામ છે. તપોવન, સેવાની તક આપે એ તપોવન, અહિ આવનાર નિરાધાર કે લાચાર નહિ પરંતુ તપોવનના તપસ્વી બની ને રહેશે. તપોવનની તમામ પ્રકારની વ્યવસ્થાઓ આરોગ્યથી માંડીને જીવનપર્યત સુધીની પારિવારીક રીતે અને સંસ્કૃતિને અનુરૂપ છે. તપોવન સમગ્ર જીલ્લાનું નહિ પરંતુ રાજયનું સેવા બિંદુ બની રહેશે તેમ જણાવી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી.

આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ જણાવેલ કે, આજે એવી સંસ્થાના ઉદ્દઘાટનમાં આવ્યા છીએ કે જેમણે આ સંસ્થાનું નિમાર્ણ કર્યુ છે તેવા મુકેશભાઈ સંઘાણીએ અમારા જીવનમાં સામાજીક સેવાનું પણ ઘડતર કર્યુ છે. અમે તેમના માર્ગદર્શન નીચે જ તૈયાર થયા છીએ તે અમારા માટે ગૌરવની બાબત છે. પ્રવર્તમાન સમયમાં તપોવન આશ્રમ જરૂરતમંદ લોકોને આધારરૂપ બની રહેશે તેવા વિશ્વાસ સાથે શુભેચ્છા પાઠવી હતી.

સારહી યુથ કલબ ઓફ અમરેલીની સેવા અનેકક્ષેત્રે પથરાયેલ છે આજે તે તપ તપસ્વિઓનું તપોવન બનીને ઉભરી આવેલ છે. સમાજ સુખી અને સમૃધ્ધ છે એટલે અભાવથી કોઈ વૃધ્ધાશ્રયમાં જાય તેવુ નથી પરંતુ ખાનપાન અને રહેણીકહેણીમાં ધરખમ બદલાવને કારણે પ્રાકૃતિક દિનચર્યા–ભોજન વ્યવસ્થાઓનો તાલમેળ સાથે સામાજીક ધોરણે કુટુંબ વ્યવસ્થા સમૃધ્ધ અને શસકત બનાવવા ઉપર ભાર મુકી તે દિશાના પ્રયાસ સાથે સારહી તપોવન આશ્રમ લોકસેવામા અર્પણ કરવામા આવેલ છે. તપોવનના નિર્માણમા ૨૫ વર્ષ પૂર્વેની એક વૃધ્ધજનની આપવિતીએ પ્રમુખ ભાગ ભજવ્યો હતો તેનું કેન્દ્ર બિન્દુ મુકેશ સંઘાણી.

સંસ્થા પ્રમુખ અને યુવા આઈકોન મુકેશ સંઘાણીએ પધારેલા સંતો–મહંતો, રાજદ્વારીઓ, જનતા જર્નાદનના સ્વાગત સાથે સંસ્થાનો ઉદ્દેશ અને ભાવિ આયોજનોની રૂપરેખા વર્ણવી હતી. આ તકે ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા તેમજ ભરતભાઈ સુતરીયા, અશ્વિનભાઈ સાવલીયા, રાજેશભાઈ કાબરીયા, મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્દ્રભાઈ બસીયા, માયાભાઈ આહીર, યોગેશભાઈ ગઢવી તેમજ અમરેલી, રાજકોટ, સુરત તથા અમદાવાદથી પધારેલ દાતાઓ તેમજ અલગઅલગ સમાજ શ્રેષ્ઠી તથા વિવિધ ધર્મસ્થાનોએથી પધારેલા ગાદીપતિ–સંતગણ ઉપસ્થિત રહયા હતા તેમજ કાર્યક્રમનું સંચાલન પ્રો. કેતનભાઈ કાનરપરીયાએ કરેલ હતુ તેવુ સારહિ યુથ કલબ ઓફ અમરેલીની અખબારી યાદીમાં જણાવેલ છે.


**સંકુલ MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT**

**ગર્લ્સ કોલેજ – ગર્લ્સ હોસ્ટેલ નવા પ્રવેશ નોંધણી ચાલુ**

| ફેકલ્ટી | છમાસિક–ફી | ફેકલ્ટી | છમાસિક–ફી |
|---|---|---|---|
| MA કોલેજ P-S-E | ૮૧૦૦ | MCA કોલેજ GTU | ૨૨૫૦૦ |
| M.Com. કોલેજ EM-GM | ૮૧૦૦ | ફાર્મસી કોલેજ GTU | ૩૦૦૦૦ |
| M.Sc. કોલેજ M-B-C | ૨૦૦૦૦ | PG-DMLT કોલેજ | ૨૦૦૦૦ |
| MBA કોલેજ GTU | ૨૨૫૦૦ | UG-PG હોસ્ટેલ | ૧૨૭૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 115


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૬૧૧ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૪૯૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૧૦ |
| ૬ | જુવાર | ૪૪૧ | ૯૦૦ |
| ૭ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૮ | અડદ | ૨૧૦૧ | ૨૧૦૧ |
| ૯ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૦ | ચણા | ૭૫૦ | ૧૦૬૯ |
| ૧૧ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૧૨ | એરંડી | ૮૫૦ | ૮૫૦ |
| ૧૩ | અજમા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૪ | રાય | ૮૬૦ | ૧૩૦૦ |
| ૧૫ | રાજગરો | ૧૨૨૬ | ૧૨૨૬ |

## ધો.૧૦માં ૧૯૩૫૮, ધો.૧૨ સા.પ્ર.૧૧૦૯૧, વિજ્ઞાન પ્રવાહમાં ૧૯૬૫ પરીક્ષાર્થીઓ

# અમરેલી જિલ્લાનાં ૪૬ કેન્દ્રો પર બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

**ધો.૧૦નાં ગુજરાતી વિષયનાં પેપરમાં ૧૫૧૧૦ નોંધાયેલ પરીક્ષાર્થીઓમાંથી ૧૪૬૩૭એ પરીક્ષા આપી**

**ધો.૧૨માં નામાના મુળતત્વ વિષયનાં ૪૫૪૭ માંથી ૪૫૦૦ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી**


**ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ફિઝિક્સ વિષયમાં નોંધાયેલ ૧૯૫૫ માંથી ૧૯૩૬એ પરીક્ષા આપી**

**જિલ્લાનાં કોઈ પરીક્ષા કેન્દ્રમાંથી કોઈપણ પ્રકારની ગેરરીતી પ્રકાશમાં આવી નથી**




**મોટી કુંકાવાવ :** મોટી કુંકાવાવ વ્રજ વિદ્યાલય કેન્દ્ર ખાતે SSC HSC ૨૦૨૪ પરીક્ષાનોમંગલ પ્રારંભ. વ્રજ વિદ્યાલય ખાતે પરિક્ષા શરૂ થતાં પરિક્ષાર્થીઓને પુષ્પગુચ્છ અને ચાકલેટથી મીઠું મો કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ તકે તાલુકા પ્રા. શિક્ષણાધિકારી જયદીપભાઈ પટેલ, ટ્રષ્ટ પ્રતિનિધિ ઉદયભાઈ દેસાઈ, કેન્દ્ર સંચાલક સાવલિયા આચાર્ય અમરાપુર હાઈસ્કૂલ, વિવેકભાઈ દીક્ષિત આચાર્ય વ્રજ વિદ્યાલય, જી. એસ. સાધુ, સુપર વાઈજર ડી.જે કાપડિયા તથા કૌશિકભાઈ મકવાણા, અતુલભાઈ નસીત, તથા સરકારી પ્રતિનિધિ પીઠડીયા સુમિતભાઈ તથા કેતનભાઈ વિગેરે ઉપસ્થિત રહયા હતા.




**લીલીયા મોટા :** લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત શ્રી અમૃતબા વિદ્યાલય અને શ્રીમતી શાંતા બહેન કન્યા વિદ્યાલય ખાતે આજે ધોરણ ૧૦ અને૧૨ બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ કરવામાં આવેલ આ તકે સ્થાનિક મામલતદાર પંકજભાઈ બારૈયા, PSI એસ.આર.ગોહિલ કેન્દ્ર સંચાલક હસમુખભાઈ કરડ આચાર્ય રંજનબેન રાદડિયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પ્રવીણભાઈ સોની સહિતના અગ્રણીઓએ વિદ્યાર્થીઓના મો મીઠા કરાવી શુભેચ્છા પાઠવી હતી બધા વિદ્યાર્થીઓને CCTV કેમેરા થી સજજ વર્ગખંડમાં પ્રવેશ આપ્યો હતો ત્યાં શાંતિમય વાતાવરણમાં પરીક્ષાનો આરંભ કરવામાં આવ્યો હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

અમરેલી, તા.૧૧, સમગ્ર ગુજરાત સાથે આજે અમરેલી જિલ્લાના ૪૬ કેન્દ્રો પર ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો શાંતિપુર્ણ વાતાવરણ વચ્ચે શુભારંભ થવા પામ્યો હતો. જેને લઈ જિલ્લામાં કોઈ સ્થળે પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે કોપી કેસ નોંધાયો ના હતો.

અમરેલી જિલ્લામાં ધોરણ ૧૦માં ૧૯૩૫૮ વિદ્યાર્થીઓ ૨૭ કેન્દ્ર પર ૭૬ બિલ્ડીંગના ૬૮૦ બ્લોકમાં પરીક્ષા આપી હતી. જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૧૦૯૧ છાત્રો માટે ૧૫ કેન્દ્ર પર ૪૧ બિલ્ડીંગના ૩૭૩ બ્લોકમાં પરીક્ષા આપી રહયા છે. જયારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૪ કેન્દ્ર પર ૧૦ બિલ્ડીંગના ૧૧૩ બ્લોકમાં ૧૯૬૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપેલ હતી. આજે સવારે ધો.૧૦ની બોર્ડની પરીક્ષાનેં લઈને વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા સેન્ટર પરપહોંચ્યા હતા.

અમરેલી જિલ્લામાં ધોરણ ૧૦માં ગુજરાતી વિષયના પેપરમાં કુલ નોંધાયેલા ૧૫૧૧૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૪૬૩૭ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે પ્રથમ પેપરમાં જ કુલ ૪૭૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં નામનામુળ તત્વો વિષયમાં કુલ નોંધાયેલા ૪૫૪૭ વિદ્યાર્થીઓ પૈકી ૪૫૦૦ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે પ્રથમ પેપરમાં જ કુલ ૪૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જયારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ફિઝિકસ વિષયમાં કુલ નોંધાયેલા ૧૯૫૫ વિદ્યાર્થીઓ પૈકી ૧૯૩૬ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે પ્રથમ પેપરમાં જ કુલ ૧૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.

## પોલીસ વિભાગનું પરીક્ષાર્થીનાં હિતમાં ઉત્તમ કાર્ય

# ખાંભાના ત્રાકુડા કેન્દ્રને બદલે પરીક્ષાર્થી ભુલથી ડેડાણના પરીક્ષા કેન્દ્રમાં પહોંચ્યા

### સ્થાનિક પોલીસે પરીક્ષાર્થીઓને મદદ કરી





અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાં આજથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા શરૂ થયેલ હોય ત્યારે અમરેલી જિલ્લા પોલીસ વિદ્યાર્થીઓની આવી વ્હારે પહોંચી હતી અને SSCના પેપર સમયે હેરાન પરેશાન થતાં વિદ્યાર્થીઓ માટે પોલીસ બની દેવદૂત બની મદદે પહોંચી હતી.

આજથી પરીક્ષા શરૂ થયેલ હોય જેમાં બે વિદ્યાર્થીને ખાંભાના ત્રાકુડા કેન્દ્ર પરીક્ષા આપવાની હોય પરંતુ ભૂલથી ડેડાણ ગામે પરીક્ષા આપવા માટે આવી ગયેલ હોય ત્યારે ડેડાણ પરીક્ષા કેન્દ્રના સ્કૂલના શિક્ષકે રિસિપ્ટ જોતા ખ્યાલ આવેલ હોય, જેથી તેઓને ત્રાકુડા કેન્દ્ર ઉપર પહોંચવા જણાવાયેલ પરંતુ ફક્ત ૧૦ મિનિટનો જ સમય બાકી હોય જે અંગે સ્થાનિક પોલીસને જાણ થતા તુરંત બંને વિદ્યાર્થીઓને સરકારી વાહનમાં બેસાડી ત્રાકુડા કેન્દ્ર ઉપર પહોંચાડેલ અને બંને વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકતા વિદ્યાર્થીઓ ખુશ થઈ ગયેલ હતા.

વંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ પરીક્ષા અનુસંધાને સી ટીમ ગ્રામ્ય વિસ્તાર પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન વંડા પોસ્ટ વિસ્તારના ખાલપાર ગામેથી પગપાળા ચાલીને ધોરણ ૧૦ ની પરિક્ષા આપવા જતી હોય, આવી વિદ્યાર્થીનીઓને સમયસર પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવાની પણ સુંદર કામગીરી વંડા પોલીસની સ્ટેશનની સી ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.

## મહા શિવરાત્રી પર્વનાં દિવસે

# અમરેલીનાં પ્રૌઢે ભાંગ પીધી ને તબિયત લથડતા અંતે મોતને ભેટયા

### સારવાર દરમિયાન મોત નિપજયુ

અમરેલી, તા. ૧૧, અમરેલીની બ્રાહમણ સોસાયટી ગોપાલનગર–૨ માં રહેતા હિમાંશુભાઈ પરીમલભાઈ મંડોરા નામનાં ૪૨ વર્ષિય પ્રૌઢને આજથી પાંચેક મહિના પહેલા લીવર ખરાબ થઈ જતાં લીવર ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરાવેલ હતુ. ત્યારબાદ મહા શિવરાત્રીના દિવસે શિવરાત્રી પર્વ હોવાથી તેઓએ ભાંગની પ્રસાદી પીવાથી અચાનક તબીયત ખરાબ થતા તેમને સારવાર માટે અત્રેની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ ત્યાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## યુવા ભાજપનાં અગ્રણીઓ દ્વારા

# વીજપડી ખાતે ધો.૧૦નાં પરીક્ષાથીઓને શુભેચ્છા પાઠવાઈ

### ઉજ્જલ પરિણામ મેળવવા પ્રોત્સાહન આપ્યું

વીજપડી, તા.૧૧ સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે વી.ડી.નગદીયા હાઈસ્કુલ ખાતે ધોરણ ૧૦ ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને નિર્ભય થઈને પરીક્ષા આપી ઉજજવળ પરિણામ પ્રાપ્ત કરો તેવી શુભકામનાઓ પ્રદેશ યુવા ભાજપનાં કારોબારી સદસ્ય અને સાવરકુંડલા તાલુકા પંચાયતના સદસ્ય વિજયજી ચાવડા દ્વારા પાઠવવામાં આવી હતી. અનેઆ તકેતાલુકા ભાજપનાંઉપપ્રમુખ હરેશભાઈ ભુવા, શાળાનાંટ્રસ્ટી જગદીશભાઈ નગદીયા, ભીખુભાઈ નગદીયા, શ્યામ ભુવા, કેલાલ મોડાસીયા, દર્શનાબેન માલાણી અને શાળા સ્ટાફ હાજર રહયો હતો.

## ભાજપમાં પ્રવેશ કરનારને પસ્તાવો થઈ રહ્યો છે

# રાજુલા–જાફરાબાદ પંથકમાં કોંગ્રેસ પક્ષ વધારે મજબૂત બની રહ્યો છે : ટીકુભાઈ

### મોંઘવારી, બેરોજગારીથી ત્રસ્ત જનતા કોંગ્રેસમાં ભવિષ્ય જુએ છે



અમરેલી, તા. ૧૧

રાજુલા–જાફરાબાદની અંદર થોડા દિવસ પહેલા ભાજપમાં મોટા પ્રમાણમાં લોકોએ પ્રવેશ કર્યો છે એવુંમીડિયામાં આવે છે. પરંતુ આ લોકો માત્રને માત્ર ખાલી શરમને લીધે મોઢું બતાવવા જ ગયા હતા ત્યાં નાના કાર્યકરોને કોઈ પણ પ્રકારનો લાભ નથી કે હોદ્દા કે નાના કાર્યકરોને પક્ષની ટિકિટ મળવાની નથી ને જે લોકો ગયા છે તેમાંથી ઘણાં લોકોના ફોન આવી ગયા છે કે અમે ખાલી મોઢું બતાવવા ગયા હતા અમે કોંગ્રેસની સાથે છીએ. આ ઉપરથી મને લાગી રહ્યું છે કે, ભાજપમાં ઉકળતો ચરૂ છે જયારે નવા મહેમાનો કોંગ્રેસના ભાજપમાં આવેલા છે ત્યારે હવે આગામી લોકસભાની ચૂંટણીમાં રાજુલા–જાફરાબાદમાં તમામ સમાજો કોંગ્રેસની સાથે રહેશે અને કોળી સમાજ એમાં અગ્રેસર રહેશે એવી મારી ધારણા છે. અને જે કાર્યકરો નવા કાર્યકરોથી આવવાથી નારાજ છે એવા કાર્યકરો પણ કોંગ્રેસની સાથે રહેશે અને લોકો અત્યારે મંદી, મોંઘવારીથી પરેશાન થઈ ગયા છે અને ગયા વખતે લોકસભાની ચૂંટણીમાં ખેડૂતોની આવક ડબલ કરવાની વાત કરનાર હવે ૨૦૨૪માં પણ આવક ડબલ કરી શકયા નથી. વિદ્યાર્થીઓ બેરોજગાર થઈ ગયા છે. રાજુલા–જાફરાબાદમાં એટલી બધી કંપનીઓ હોવા છતાં પણ યુવાનો બેરોજગાર રખડે છે, અવારનવાર પરીક્ષાઓના પેપર ફૂટી રહ્યા છે આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ અને નવા કાર્યકરો ભાજપમાં ભળવાથી કોંગ્રેસના જુના અને પાયાના કાર્યકરો સક્રિય થયા છે અને ત્યાં ગીર્દી વધી જતા ગત લોકસભાની ચૂંટણીમાં લોકસભામાં જે લીડ હતી એ આ વખતે ઘટી જશે અને કોંગ્રેસ સારૂં એવું પ્રદર્શન રાજુલા–જાફરાબાદમાં કરશે. હાલ નવી કંપની વિરૂધ્ધ પણ લોકો જનઆંદોલન કરી રહ્યા છે તે તમામ બાબતોને ધ્યાનમાં રાખી આગામી દિવસોમાં કોંગ્રેસને વધુમાં વધુ લાભ મળશે તેવું ટીકુભાઈ વરૂની યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલા ખાતે ધારાસભ્ય કસવાલા દ્વારા વિકાસ કાર્યોની વણઝાર






સાવરકુંડલા તાલુકાને સુંદર અને રળિયામણા તેમજ સુવિદાઓ બનાવવાનાં અભિગમને સાર્થક કરવા ધારાસભ્ય મહેશ કસવાળાએ ૨ કરોડ ૬૭ લાખ ખર્ચે બનેલ કામનું લોકાર્પણ કર્યુ ધારાસભ્ય કસવાળાએ જનતા જનાર્દનમાં એક આગવી ઓળખ કામ કરતા જન પ્રતિનિધિની ઉભી કરી છે. જેમાં સાવરકુંડલા તાલુકામાં ૩૦–૩૦ લાખ ખર્ચ બનેલ થોરડી, લીખાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૭ લાખ ખર્ચ બનેલ ગ્રામ પંચાયપ ૨ કરોડ ખર્ચ બનેલ ખોડીયાણા ગામે ધાતરવડી બ્રિજનું લોકાર્પણ કર્યુ. આ લોકાર્પણ કાર્યક્રમ તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, તાલુકા ભાજપ મહામંત્રી નીતિનભાઈ નગદીયા, ચેતનભાઈ માલાણી, અમરેલી જિલ્લા પંચાયત સિચાઈ, પશુપાલન અને સહકાર ચેરમેનના પ્રતીનધિ લાલજીભાઈ મોર, જિલ્લા પંચાયતના સદસ્ય શરદભાઈ ગોદાણી, સાવરકુંડલા યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા સાવરકુંડલા તાલુકા સરપંચના પ્રમુખ હિતેશ ખાત્રાણી, સાવરકુંડલા તાલુકા પંચાયતના સદસ્ય પ્રફુલભાઈ વેકીરયા, લલીતભાઈ બાલધા, મનુભાઈ ડાવરા, તાલુકા યુવા ભાજપના પ્રમુખ મહેશભાઈ ભાલાળા, મહામંત્રી શૈલેષ બારૈયા, મેરીયાના સરપંચ હિતેશભાઈ ખાતરાણી, બાબભાઈ માલાણી, લીંખાળા સરપંચ મનસુખભાઈ સાવલિયા, ઉપસરપંચ ગૌતમભાઈ ખુમાણ, નિલેશભાઈ કચ્છી, સાવરકુંડલા યાર્ડના ડિરેકટર દિલભજીભાઈ કોઠીયા, અતુલભાઈ રાદડિયા, તાલુકા યુવા ભાજપ સંજયભાઈ બરવાળીયા સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા આ સમગ્ર લોકાર્પણ ધારાસભ્ય કસવાળાએ વિકાસનાં લક્ષના અભિગમની કેડી કંડારી હોવાનું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## સંતોના આશીર્વાદ, રાજકીય આગેવાનોની શુભકામના, માનવ મહેરામણની ઉપથિતિમાં

# અમરેલી ખાતે દબદબાભેર તપોવન આશ્રમનું લોકાર્પણ સંપન્ન

સુપ્રસિધ્ધ રામાયણી પૂ. મોરારિબાપુનાં કરકમળો દ્વારા તપોવન આશ્રમનું કરાયું લોકાર્પણ

મુશ્કેલ કામને પાર પાડનાર યુવા આઈકોન મુકેશ સંઘાણીને અભિનંદન પાઠવતાં કેન્દ્રીય મંત્રી રૂપાલા

તપોવન આશ્રમમાં આવનાર લાચાર, નિરાધાર નહી બલ્કે તપસ્વી : દિલીપ સંઘાણી

૨૪ વર્ષ પહેલા એક નિરાધારને નિહાળીને તપોવન આશ્રમ શરૂ કરવાનો સંકલ્પ પુરો થયો : મુકેશ સંઘાણી



અમરેલી, તા. ૧૧

અમરેલી ખાતે રવિવારે સારહિ યુથ કલબનાં પ્રમુખ અને યુવા આઈકોન મુકેશ સંઘાણીનાં નેતૃત્વમાં તૈયાર થયેલ તપોવન આશ્રમનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

રામાયણના શબ્દકોષમાં ચારઉપવનો દર્શાવવામાંઆવ્યાછેવન, ઉપવન, બાગઅનેવાટીકાઆચારેયવન એટલેકેએક "તપોવન" બનેછે. જીવન સંધ્યાએ પહોંચેલા આત્મીયજનોને આ નુતનનિવાસ, આત્મીયસુખઆપનારૂ

અનુસંધાન પાના ૬ ઉપર

### કોઈ અગમ્ય કારણોસર

## વઢેરાનાં પ્રૌઢે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

### બદાવડા નામની વાડીએ ગળાફાંસો ખાધો

અમરેલી, તા. ૧૧

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે રહેતા ચંદુભાઈ ભાણાભાઈ બાંભણીયા નામનાં ૪૫ વર્ષિય પ્રૌઢે ગત તા. ૧૦ ના રોજ કોઈપણ સમયે વઢેરા ગામે બદાવડા નામેથી ઓળખાતી વાડીએ પોતે પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ગાંધીધામથી જુનાગઢ જિલ્લામાં જતું ટેન્કર ઝડપાયું

## બગસરા : હામાપુરનાં બસ સ્ટેન્ડથી ક્રાઈમ બ્રાન્ચે શંકાસ્પદ પ્રવાહી ભરેલ ટેન્કર ઝડપી લીધુ

### રૂપિયા ૨૨ લાખ ૯૦ હજારનો મુદ્દામાલ કબ્જે

અમરેલી, તા. ૧૧

અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ગત તા.૧૦ ના રાત્રે બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારના હામાપુર ગામના બસ સ્ટેશને વાહન ચેકીંગ કરતા હતા. ત્યારે એક સફેદ જેવા



કલરનું શંકાસ્પદ લોડીંગ વાહન (ટેન્કર) જેના રજી નં. જી.જે.–૦૩ બીડબલ્યુ ૮૯૬૪ નું આવતા તેને રોકાવી, ચેક કરતા ટેન્કરમાં શંકાસ્પદ પ્રવાહી ભરેલ હોય. જેથી આ ભરેલ પ્રવાહી અંગે ટેન્કરના ચાલક ઈસમે એક બીલ રજુ કરતા જેમાં બેઝઓઈલ લખેલ તેમજ રૂટ ગામ પડાણા તા. ગાંધીધામ (કચ્છ) થી ગામ કણજા, તા.જી. જુનાગઢનું લખેલ હોય. જે રૂટમાં સદરહુ હામાપુર ગામ આવતુ ન હોય તેમજ બેઝઓઈલ માત્ર ઈન્ડસ્ટ્રીયલ હેતુ

અનુસંધાન પાના ૬ ઉપર

### વીરપુર ગઢીયા ગામે ફાર્મ હાઉસમાં જતાં પાછળથી

## અમરેલીનાં માણેકપરામાં ભવાની ચોકમાં જે.પી. સોજીત્રાનાં રહેણાંક મકાનમાંથી ચોરી

### રૂપિયા ૧.૯૬ લાખનાં મુદ્દામાલની ચોરી



અમરેલી, તા. ૧૧

અમરેલીના માણેકપરા શેરી નં–૯, ભવાની ચોકમાં રહેતા જીતેન્દ્રભાઈ પરશોતમભાઈ સોજીત્રા ગત તા. ૯ ના સાંજના ૪ થી તા.૧૦

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)